પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૨૩૦ • કુલ પાના : ૪ • તારીખ : ૨૩-૦૫-૨૦૨૪ ગુરુવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## અદાણીનું નામ લેતા જ ભાજપના લોકો મોઢા નીચા કરી દે છે; ખેડૂતોની લોન અમે માફ કરીશું,કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી

### મોદી સરકાર દ્વારા અમલમાં આવેલી અગ્નિવીર ભરતી યોજનાને કોંગ્રેસની સરકાર બનતાની સાથે જ ડસ્ટબીનમાં ફેંકી દેવામાં આવશે.



નારનૌલ,

કોંગ્રેસના દિગ્ગજ નેતા અને સાંસદ રાહુલ ગાંધીએ બુધવારે ચરખી દાદરીમાં ચૂંટણી રેલીને સંબોધિત કરી હતી. તેમણે કહ્યું કે મોદી સરકાર દ્વારા અમલમાં આવેલી અગ્નિવીર ભરતી યોજનાને કોંગ્રેસની સરકાર બનતાની સાથે જ ડસ્ટબીનમાં ફેંકી દેવામાં આવશે. સરકાર બન્યા બાદ તેમણે ખેડૂતોની લોન માફ કરવાની અને મહિલાઓના ખાતામાં દર મહિને ૮૫૦૦ રૂપિયા જમા કરવાની પણ જાહેરાત કરી હતી. ભિવાની-મહેન્દ્રગઢ લોકસભા મતવિસ્તારના ઉમેદવાર રાવ દાન સિંહના સમર્થનમાં મતદાન કરવાની અપીલ કરવા રાહુલ ગાંધી બુધવારે ચરખી દાદરી પહોંચ્યા હતા. રાહુલ ગાંધી બપોરે ૧.૦૮ કલાકે જાહેર સભા સ્થળે પહોંચ્યા હતા. તેમણે ૧:૧૯ વાગ્યે પોતાનું સંબોધન શરૂ કર્યું અને ૩૧ મિનિટ સુધી વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કર્યા.

રાહુલ ગાંધીએ ભાષણની શરૂઆત અગ્નિવીર ભરતી યોજનાથી કરી હતી. તેમણે કહ્યું કે મોદી સરકારે આ યોજનાના નામે સૈનિકોને મજૂર બનાવી દીધા. કોંગ્રેસની સરકાર બનતાની સાથે જ અમે સૌથી પહેલું કામ આ યોજનાને ડસ્ટબીનમાં નાખીશું. આ પછી તેણે ખેડૂતોને રીઝવવાનો પ્રયાસ કર્યો. રાહુલ ગાંધીએ કહ્યું કે મોદીએ ૨૨ અબજપતિઓની ૧૬ લાખ કરોડ રૂપિયાની લોન માફ કરી.

તે જ સમયે, ખેડૂતોની લોન માફ કરવા અંગે, મોદી કહે છે કે તેનાથી તેમની (ખેડૂતોની) આદતો બગડી જશે. રાહુલ ગાંધીએ કહ્યું કે મોદી સરકારે જેટલી અબજોપતિઓની લોન માફ કરી છે તેટલી જ કોંગ્રેસ સરકાર બનશે તો ખેડૂતોની લોન પણ માફ કરશે. તેમણે કહ્યું કે કોંગ્રેસ ખેડૂતો માટે એમએસપી લાવશે. એટલું જ નહીં લોન માફી કમિશન પણ લાવવામાં આવશે.

મહિલા મતદારોને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું કે દરેક મહિલાના ખાતામાં દર મહિને ૮૫૦૦ રૂપિયા જમા કરવામાં આવશે. આ ઉપરાંત રાજ્યના દરેક ગરીબ વ્યક્તિની યાદી બનાવવામાં આવશે અને પરિવારની આર્થિક સ્થિતિ સુધરે ત્યાં સુધી તે પરિવારની મહિલાને આર્થિક સહાય આપવામાં આવશે. તેમણે કહ્યું કે જો કોંગ્રેસની સરકાર બનશે તો આશા વર્કરોનો પગાર બમણો કરવામાં આવશે જ્યારે મનરેગાનું વેતન ૨૫૦ રૂપિયાથી વધારીને ૪૦૦ રૂપિયા કરવામાં આવશે.

તેમણે ૩૦ લાખ યુવાનોને નોકરી આપવાની અને ગ્રેજ્યુએટ યુવાનોના ખાતામાં દર મહિને ૮૫૦૦ રૂપિયા જમા કરાવવાની જાહેરાત કરી. કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ ઉદયભાન, દીપક બાવરિયા, પૂર્વ મુખ્યમંત્રી બંસીલાલ અનિરુદ્ધ ચૌધરીના પૌત્ર, પૂર્વ સાંસદ બિજેન્દ્ર સિંહ અને દાદરી મતવિસ્તારના અપક્ષ ધારાસભ્ય સોમબીર સાંગવાન પણ જાહેર સભામાં મંચ પર હાજર હતા.૩૧ મિનિટના ભાષણમાં રાહુલ ગાંધીએ ૨૭ વખત નરેન્દ્ર મોદીનું નામ લીધું હતું. તેમણે કહ્યું કે નરેન્દ્ર મોદી દેશના રાજા છે જ્યારે હું આ દેશનો પુત્ર છું. તેણે કહ્યું કે તે આ દેશના રાજા તરીકે નહીં પરંતુ પુત્ર તરીકે જીવવા માંગે છે.

રાહુલ ગાંધીએ સૌથી પહેલા ચરખી દાદરીમાં રેલી યોજી હતી. બાદમાં તેઓ સોનીપત પહોંચ્યા હતા અને અહીં રેલીમાં સંબોધન કર્યું હતું. રાહુલે કહ્યું કે મોદી સરકાર અબજોપતિઓની સરકાર છે. મોદીએ ૨૨ લોકોની લોન માફ કરી. માત્ર ૨૨ લોકોને અમીર બનાવ્યા. રાહુલ ગાંધીએ કહ્યું કે હું દેશનો પુત્ર છું અને પીએમ નરેન્દ્ર મોદી દેશના રાજા છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ પ્રથમ કાયમી નોકરી યુવાનોને આપશે.

રાહુલ ગાંધીએ કહ્યું કે નરેન્દ્ર મોદીએ કરોડો યુવાનોને બેરોજગાર કર્યા છે. તમામ નાની કંપનીઓ બંધ કરી દીધી. થોડા દિવસો પહેલા હું નવી દિલ્હી રેલ્વે સ્ટેશન ગયો, ત્યાં મને એક કુલી મળ્યો, તેણે કહ્યું કે હું સિવિલ એન્જિનિયર છું. હવે જુઓ દેશની આ હાલત છે. મીડિયાવાળા ક્યારેય કહેશે નહીં. સૌથી પહેલું કામ એ થશે કે જે ત્રીસ લાખ સરકારી નોકરીઓ ખાલી પડી છે તે તમને આપવામાં આવશે.રાહુલે કહ્યું કે હજારો ખેડૂતોએ અમને એક વાત સમજાવવી જોઈએ કે આપણે કંઈ પણ ખરીદીએ તો તેના પર ભાવ લખેલા હોય છે, પરંતુ ખેડૂતોને કોઈ ભાવ મળતો નથી.

ખેડૂતોને તેમના પાકના યોગ્ય ભાવ મળતા નથી. હજારો ખેડૂતોએ લઘુત્તમ ટેકાના ભાવની માંગ કરી હતી. પ્રથમ વખત, અમે ભારતના ખેડૂતોને ગેરંટી તરીકે એમએસપી આપીશું. ખેડૂતોએ જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી દ્વારા લાવવામાં આવેલી પાક વીમા યોજના માટે અમે પૈસા ચૂકવીએ છીએ, પરંતુ નુકસાનના કિસ્સામાં અમને પૈસા મળતા નથી. અમે આ

રાહુલ ગાંધીએ સૌથી પહેલા ચરખી દાદરીમાં રેલી યોજી હતી. બાદમાં તેઓ સોનીપત પહોંચ્યા હતા અને અહીં રેલીમાં સંબોધન કર્યું હતું. રાહુલે કહ્યું કે મોદી સરકાર અબજોપતિઓની સરકાર છે. મોદીએ ૨૨ લોકોની લોન માફ કરી. માત્ર ૨૨ લોકોને અમીર બનાવ્યા. રાહુલ ગાંધીએ કહ્યું કે હું દેશનો પુત્ર છું અને પીએમ નરેન્દ્ર મોદી દેશના રાજા છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ પ્રથમ કાયમી નોકરી યુવાનોને આપશે.

રાહુલ ગાંધીએ કહ્યું કે નરેન્દ્ર મોદીએ કરોડો યુવાનોને બેરોજગાર કર્યા છે. તમામ નાની કંપનીઓ બંધ કરી દીધી. થોડા દિવસો પહેલા હું નવી દિલ્હી રેલ્વે સ્ટેશન ગયો, ત્યાં મને એક કુલી મળ્યો, તેણે કહ્યું કે હું સિવિલ એન્જિનિયર છું. હવે જુઓ દેશની આ હાલત છે. મીડિયાવાળા ક્યારેય કહેશે નહીં. સૌથી પહેલું કામ એ થશે કે જે ત્રીસ લાખ સરકારી નોકરીઓ ખાલી પડી છે તે તમને આપવામાં આવશે.રાહુલે કહ્યું કે હજારો ખેડૂતોએ અમને એક વાત સમજાવવી જોઈએ કે આપણે કંઈ પણ ખરીદીએ તો તેના પર ભાવ લખેલા હોય છે, પરંતુ ખેડૂતોને કોઈ ભાવ મળતો નથી.

ખેડૂતોને તેમના પાકના યોગ્ય ભાવ મળતા નથી. હજારો ખેડૂતોએ લઘુત્તમ ટેકાના ભાવની માંગ કરી હતી. પ્રથમ વખત, અમે ભારતના ખેડૂતોને ગેરંટી તરીકે એમએસપી આપીશું. ખેડૂતોએ જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદી દ્વારા લાવવામાં આવેલી પાક વીમા યોજના માટે અમે પૈસા ચૂકવીએ છીએ, પરંતુ નુકસાનના કિસ્સામાં અમને પૈસા મળતા નથી. અમે આ સ્કીમને બંધ કરીને નવી સ્કીમ લાવીશું. ખેડૂતો માટે યોજના હશે. એક કાયદો લાવશે. વીમાના પૈસા ત્રીસ દિવસની અંદર ખેડૂતના ખાતામાં આવવા જોઈએ.રાહુલ ગાંધીએ કહ્યું કે હવે હું ખેડૂતોની વાત કરીશ. મોદીએ તમારી લોન માફ નથી કરી, અદાણીની કરી છે. પ્રવાસ દરમિયાન લાખો ખેડૂતોને મળ્યા. તેમણે કહ્યું કે અમારી લોન માફ કરવી જોઈએ. લોન એકવાર માફ કરવી જોઈએ. મારે બીજું કંઈક કરવું છે. અમે ચોક્કસપણે એકવાર લોન માફ કરીશું. અમે ત્યાં અટકીશું નહીં. અમે ખેડૂતો માટે સિસ્ટમ બનાવીશું. જેમાં ખેડૂતોનો અવાજ હશે. જ્યારે પણ તે એસોસિએશન સરકાર પાસેથી લોન માફી માટે કહેશે, અમે તમારી લોન માફ કરીશું.

## કોંગ્રેસે મતગણતરી વખતે પોતાના સ્પેશિયલ ટીમ મેદાનમાં ઉતારવાનું નક્કી કર્યું છે

અમદાવાદ,

કોંગ્રેસ દ્વારા અવાનાર નવાર ભાજપ પર ઈવીએમ અને મતગણતરીને લઈને જાતજાતના આક્ષેપો કરવામાં આવે છે. આ વખતની લોકસભાની ચૂંટણી પહેલાં તો કોંગ્રેસે મતગણતરી વખતે પોતાના સ્પેશિયલ ટીમ મેદાનમાં ઉતારવાનું નક્કી કર્યું છે. પરિણામના દિવસે અલગ અલગ બેઠકોના ઉમેવારોના ભાવિનો ફેંસલો થવાનો છે. ત્યારે પરિણામના દિવસ માટે ગુજરાત કોંગ્રેસની ટીમે અત્યારથી જ ઉમેદવારોને ખાસ ટ્રેનિંગ આપવાનું નક્કી કર્યું છે.

એક બાદ એક તબક્કાની ચૂંટણીઓ પુરી થઈ રહી છે. જેથી લોકસભાની ચૂંટણી હવે તેના અંતિમ તબક્કામાં આવી ગઈ છે. કુલ સાતમાંથી પાંચ તબક્કામાં મતદાન થઈ ચુક્યુ છે. છઠ્ઠા અને સાતમા તબક્કા માટે ૨૫ મે અને ૧ જૂને મતદાન થવાનું છે. જ્યારે ૪ જૂનના રોજ મતગણતરી થશે અને જેમાં ઉમેદવારોના ભાવિનો ફેંસલો થશે. બીજા શબ્દોમાં કહીએ તો એ દિવસે મતદારોના ભાવિનો પણ ફેંસલો થશે. અલબત્ત ગુજરાત સહિત દેશભરના મતદારોએ કોને મત આપ્યો છે તેનું પરિણામ જાહેર થશે.

આ વખતે ગુજરાત કોંગ્રેસની ટીમને આશા છે કે, તેઓ ગુજરાતમાં અમુક સીટો હાંસલ કરી શકે એવી સ્થિતિમાં છે. જેથી ગત ટર્મ કરતા આવખતે કોંગ્રેસના ઉમેદવારો અને તેમના કાર્યકરો બન્ને જોશમાં જણાઈ રહ્યાં છે. એટલું જ નહીં એ જ કારણસર તેમણે મતગણતરીના દિવસ માટે અત્યારથી જ ઉમેદવારોને સ્પેશિયલ ટ્રેનિંગ આપવાનું નક્કી કર્યુ છે. ગુજરાતમા આ વખતની ચૂંટણીમાં પહેલા એવું અનુમાન લગાવવામા આવતુ હતુ કે, ભાજપ ગુજરાતમાં ૨૬ એ ૨૬ બેઠકો પર ૫ લાખની લીડથી જીતી શકે છે. જો કે, રાજકોટ બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રુપાલાએ ક્ષત્રિય સમાજ વિશે બફાટ કરતા ભાજપ વિરોધી લહેર ગુજરાતમાં જોવા મળી હતી. ક્ષત્રિયોએ આ વખતે ડંકાની ચોટે ભાજપ વિરુદ્ધ મતદાન કરવાનું નક્કી કર્યુ હતું.બીજી તરફ ભાજપે જે રીતે ઉમેદવારોની પસંદગી કરી તેના કારણે ભાજપમાં આંતરિક અસંતોષ જોવા મળ્યો હતો. આ તકનો લાભ લઈને કોંગ્રેસે રણનીતિ બનાવીને ઉમેદવારોની પસંદગી કરી હતી. તેનો કોંગ્રેસને ફાયદો પણ થયો છે.

ભાજપને પણ એવું લાગી રહ્યું છે કે, કેટલીક સીટો તેઓ ગુમાવી રહ્યા છે જેથી હવે ૫ લાખની લીડની ચર્ચા પણ થઈ રહી નથી. કોંગ્રેસને આશા છે કે, આ વખતે ૫ થી ૬ સીટો પર તેઓ ભાજપને ટક્કર આપી રહ્યા છે. ત્યારે મતદાન તો ખુબ સારી રીતે થઈ ગયું પરંતુ મતગણતરી પણ સારી રીતે થાય અને મતગણતરી વખતે ઈવીએમમાં કોઈ ચેડા ન થાય તેના માટે ગુજરાત કોંગ્રેસે મતગણતરી માટેની નવી રણનીતિ બનાવી છે.

દરેક વખતે ચૂંટણીમાં ઈવીએમ મશીનનો મુદ્દો ચર્ચાનો વિષય બનતો હોય છે ઈવીએમમાં ચેડા કરવામા આવ્યા હોવાના આક્ષેપ પણ કરવામા આવતા હોય છે ત્યારે કોંગ્રેસે ઈવીએમને લઈને નવી રણનીતિ બનાવી છે. મતદાનના સ્થળેથી લઈને સ્ટ્રોંગરૂમ સુધી નજર રાખવામા આવી રહી છે. જો કે, કોંગ્રેસને શંકા છે કે, મતદાન પૂર્ણ થાય છે ત્યાથી લઈને સ્ટ્રોંગરૂમ પહોંચે તે દરમિયાન ઈવીએમ બદલાયા પણ હોય. જેથી ઈવીએમના નંબર પર રણનીતિ બનાવી છે.કોંગ્રેસે ભુતકાળમા બનેલી આવી ઘટનાઓને લઈને સજાગ બન્યુ છે. આ વખતે કોંગ્રેસ પોતાના ઉમેદવારોને ઈવીએમના સિરિયલ નંબરની ચકાસણી, ઈવીએમમાં કેટલા વોટ પડ્યા છે અને મતગણતરી વખતે કેટલા વોટ નિકળ છે તેની ચકાસણી અને બેલેટ પેપરની ચકાસણી કરવા માટેની ટ્રેનિંગ આપી રહી છે. ખાસ કરીને કોંગ્રેસને જે સીટ પર જીતની આશા છે ત્યાં ખાસ ચકાસણી કરવામા આવશે.

કોંગ્રેસ ઈવીએમના સિરયલ નંબરની ગણતરી પ્રમાણે ઉમેદવારોને ટ્રેનિંગ આપશે તેમના જે ઉમેદવારો કાઉન્ટીંગ સ્ટેશનના અંદર સુધી જઈ શકશે તે ઉમેદવારોને આ રણનીતિ શીખવાડવામા આવશે તેમને કહેવામા આવશે કે તેઓ સજાગ રહે. તેઓ ઈવીએમના સિરિયલ નંબરને કાગળ સાથે મેચ કરે , કારણ કે, જો ઈવીએમ બદલાયું હશે તો તરત ખબર પડી જશે. જો મતદાન વખતે ઓછા મત પડ્યા હોય અને મતગણતરી વખતે વધારે મત નીકળે તો તેને લઈને ઓબ્જેક્શન લેવાનું વગેરે દરેક રણનીતિ કોંગ્રેસ પોતાના ઉમેદવારોને શીખવાડી રહી છે. આ સાથે વીવીપેટને લઈને પણ રણનિતી શીખવાડી રહી છે કારણ કે એવું માનવામા આવે છે. ચૂંટણીમાં વીવીપેટના પેપરમાંથી ૪ કે ૫ કાગળ કાળવામા આવે છે તે પ્રમાણે ગણતરી કરવામા આવે છે. મતગણતરી વખતે કોઈ પણ ચીટીંગ ન થાય તેનું ધ્યાન રાખવા માટે કહેવામા આવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ધોળકામાં ભુપેન્દ્રસિંહ ચુડાસમાના કાઉન્ટીંગ સેન્ટર પર જે અધિકારી હતી તેઓએ કાઉન્ટીંગમાં ગળબળ કરી હતી.આ મામલે કોંગ્રેસના ઉમેદવાર હાઈકોર્ટમાં ગયા હતા જ્યાં આ ઈવીએમમાં ચેડા કરવામા આવ્યા હોવાની વાત સામે આવી હતી. જો કે, અહીં ફરી ચૂંટણી ન થતા ભુપેન્દ્રસિંહ ચુડાસમા મંત્રી બન્યા હતા.

## સુરતનાં ૧૯ મદરેસાઓમાં ૬૭ વિદ્યાર્થીઓ જ માત્ર ધર્મનું શિક્ષણ મેળવે છે

સુરત,

તાજેતરમાં જ રાષ્ટ્રીય બાળ આયોગનાં આદેશ મુજબ સમગ્ર રાજ્યમાં મદરેસામાં તપાસ હાથ ધરવામાં આવી હતી. સુરતમાં આવેલ મદરેસાઓમાં પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. જે બાદ ચોંકાવનારો ખુલાસો થવા પામ્યો છે. જેમાં સુરતનાં ૧૯ મદરેસાઓમાં ૬૭ વિદ્યાર્થીઓ જ માત્ર ધર્મનું શિક્ષણ મેળવે છે. જેઓ શાળાનું સામાન્ય શિક્ષણ મેળવતા નથી. ૬૭ વિદ્યાર્થીઓમાં માત્ર ત્રણ જ વિદ્યાર્થીઓ ગુજરાતનાં હોવાનું તપાસમાં સામે આવ્યું છે. જ્યારે બાકીનાં ૬૪ વિદ્યાર્થીઓ પશ્ચિમ બંગાળ, બિહાર સહિતનાં રાજ્યોનાં છે. તેમજ બાકીનાં ૨૦ મદરેસાઓમાં સર્વેની કામગીરી આગામી સમયમાં પૂર્ણ કરાશે.સુરતમાં છેલ્લા ત્રણ દિવસથી ડીઈઓએ બનાવેલ ટીમ દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો છે. જેનો રિપોર્ટ પણ આપી દેવામાં આવ્યો છે. બાળકો સ્કૂલ કેમ જતા નથી તે બાબતે તપાસ હાથ ધરવામાં આવી છે. તેમજ ટીમને બાળકોનાં એડ્રેસ પણ મળી આવ્યા છે. તેમજ મદરેસામાં પાંચથી છ વર્ષનાં બાળકો પણ જતા હોવાનું તપાસમાં બહાર આવવા પામ્યું છે.આ સમગ્ર બાબતે ડીઈઓએ જણાવ્યું હતું કે, મદરેસામાં કોઈ હિન્દુ બાળક જાય છે કે નહી તે બાબતે પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. પરંતું તેવું કંઈ જ મળી આવ્યું નથી. તેમજ મૌલવીઓ દ્વારા તપાસ કરતી ટીમોને સહકાર પણ આપવામાં આવતો ન હોવાની ફરિયાદ મળવા પામી હતી.

## લીંબાયતમાંથી ડુપ્લીકેટ નોટ છાપવાનું કારખાનું પોલીસે ઝડપી પાડયુ

સુરત,

ડુપ્લીકેટ નોટ છાપવાનું કારખાનું ઝડપી પાડવામાં પોલીસે સફળતા હાંસલ કરી છે. ન્યુઝ પેપર છાપવાની આડમાં ડુપ્લીકેટ નોટ છાપવામાં આવતી હતી. પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવી કૌભાંડ ઝડપી પાડ્યું હતું.એસઓજીએ લીંબાયત વિસ્તારમાંથી કારખાનું પકડ્યું છે. ૯ લાખના દરની રૂપિયા ૫૦૦ અને ૨૦૦ની ડુપ્લીકેટ નોટો પોલીસે ઝડપી પડી બોગસ ચલણ કબજે કર્યુ છે.આ ઉપરાંત પોલીસે પ્રિન્ટર,લેપટોપ,નોટોના ગ્રાફ કબજે કરી તપાસ હાથ ધરી છે.ગુનામાં સક્રિય ફિરોઝ શાહ નામના યુવકની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે પૂછપરછ હાથ ધરી છે જેમાં માહિતી મેળવવા પ્રયાસ કરાઈ રહ્યો છે કે નોટ કઈ રીતે છાપવામાં આવતી હતો અને તેને બજારમાં વટાવવા કઈ યુક્તિઓનો ઉપયોગ કરવામાં આવતો હતો. પોલીસે ગુનામાં અન્ય લોકો સંડોવાયેલા છે કેમ? તેની તપાસ પણ શરૂ કરી છે.

## બિકાનેરમાં પારો ૪૭ ડિગ્રીને પાર, બીએસએફ જવાન ગરમ રેતી પર પાપડ પકવ્યો



બિકાનેર,

આ દિવસોમાં દેશમાં ભારે ગરમી પડી રહી છે. ઘણી જગ્યાએ તાપમાન ૪૪ ડિગ્રીને પાર પહોંચી ગયું છે. સ્થિતિ એવી છે કે ગરમીના કારણે લોકોની હાલત દયનીય છે. આવી સ્થિતિમાં રાજસ્થાનમાંથી એક વીડિયો સામે આવ્યો છે જે જોઈને તમે ચોંકી જશો.બીકાનેરમાં બીએસએફ જવાનોએ રેતી પર પાપડ શેક્યા છે તેના પરથી તમે અંદાજો લગાવી શકો છો કે બિકાનેરમાં કેવી ગરમી પડી રહી છે. વીડિયોમાં જોઈ શકાય છે કે કેવી રીતે પ્રતિકૂળ સંજોગોમાં આપણા સૈનિકો આપણા દેશની સરહદોની સુરક્ષામાં લાગેલા છે. એક તરફ લોકો ગરમીથી રાહત મેળવવા એસી અને કુલરનો સહારો લઈ રહ્યા છે, તો બીજી તરફ દેશની સરહદો પર તૈનાત આપણા જવાનો આ કાળઝાળ ગરમીમાં દિવસ-રાત સતર્ક છે, જેથી આપણે સુરક્ષિત રહી શકીએ.વાયરલ વીડિયો પાકિસ્તાન બોર્ડર પાસે બિકાનેરના ખાજુવાલાનો હોવાનું કહેવાય છે. જણાવવામાં આવી રહ્યું છે કે રાજ્યનું સૌથી ગરમ શહેર બિકાનેર છે. કાળઝાળ ગરમીમાં પણ સૈનિકો રેતાળ રણમાં દેશની રક્ષા માટે ઉભા છે. દરમિયાન, સૈનિકોએ રેતી પર પાપડ શેક્યા.

## મૌલવી કેસમાં વધુ એક ખુલાસો, પાકિસ્તાની યુવતીઓના સંપર્કમાં આવ્યા બાદ અશોક સુથારે ધર્મ પરિવર્તન કર્યું

સુરત,

સુરત ક્રાઈમ બ્રાન્ચ દ્વારા મૌલવીની ધરપકડ કર્યા બાદ એક પછી એક ખુલાસા થઈ રહ્યા છે. ત્યારે મૌલવી સાથે સંપર્કમાં રહેલા બિકાનેરનાં અશોક સુથાર ઉર્ફે અબુબકરને લઈ ખુલાસો થવા પામ્યો છે. જેમાં અબુબકર પાકિસ્તાની યુવતીઓ સાથે સોશિયલ મીડિયાથી સંપર્કમાં હતો. તેમજ પાકિસ્તાની યુવતીઓનાં સંપર્કમાં આવ્યા બાદ ધર્મ પરિવર્તન કર્યું હતું. અશોક ઉર્ફે અબુબકરનાં ઘરે તપાસમાં પોલીસને કેટલીક હકીકતો જાણવા મળી હતી.

કોમ્પ્યુટર કલાસીસ ચલાતા અસોક સુથાર ઉર્ફે અબુબકર છેલ્લા ઘણા મહિનાથી પાકિસ્તાનની યુવતીઓનાં સંપર્કમાં હતો. તેમજ પાકિસ્તાનની યુવતીઓ સાથે પહેલા નોકરી માટે અને બાદમાં ધર્મ માટે ચેટ કરતો હતો. જેમાં પાકિસ્તાનની યુવતીઓએ તેનું બ્રેઈન વોશ કરી દીધું હતું. જેથી અશોક સુથારે ધર્મ પરિવર્તન કર્યું હતું. દિલ્હીની મસ્જિદમાં ધર્મ પરિવર્તન કરી અબુબકર બન્યો હતો. અબુબકર બન્યા બાદ જેહાદમાં જોડાયો હતો.

અનુપમસિંહ ગેહલોતે કહ્યું કે, અત્યાર સુધીની તપાસમાં મૌલવી સહિત ૩ આરોપીની ધરપકડ કરાઈ છે. મૌલવી સોહેલ પાસેથી ૨ કાર્ડ અને જન્મના પ્રમાણપત્ર મળી આવ્યા છે. ૧૭ જેટલા વર્ચ્યુઅલ કાર્ડનો ઉપયોગ કરી હિન્દુવાદી નેતાઓને ધમકી આપતા હતા. ૪૨ ઈ-મેઈલ આઈડી પરથી શેહનાઝ ધમકીઓ આપતો હતો. સોહેલ પાસેથી બે ઈલેક્શન કાર્ડ મળ્યા છે. હવાલાના માધ્યમથી મની ટ્રાન્સફર કરતા હતા. આરોપીઓના પાકિસ્તાન સાથે સંપર્ક હોવાના પુરાવા પણ મળ્યા છે.આરોપીઓને પાકિસ્તાનથી નાણા પૂરા પાડવામાં આવ્યા હોવાના પુરાવા મળ્યા છે. આરોપીઓ સોશિયલ મીડિયાના માધ્યમથી અલગ-અલગ વ્યક્તિઓને ટાર્ગેટ કરતા હતા. સુરેશ રાજપૂત, ઉપદેશ રાણા, નિશાંત શર્માને ગૃપ કોલથી ધમકી આપી હતી. મહત્વપૂર્ણ છે કે, આ કેસમાં અત્યાર સુધી મૌલવી મોહમ્મદ સોહેલ અબુ બકર ટીમોલ, મહારાષ્ટ્રના નાંદેડથી શકીલ સત્તાર શેખ ઉર્ફ રઝા અને બિહારના મુઝફ્ફરપુરથી શહેનાઝ ઉર્ફે મોહમ્મદ અલી મોહમ્મદ શાબિરની ધરપકડ કરવામાં આવી છે

## અમેરિકા અને કેનેડા બાદ દુબઈ વિઝા રિજેક્શનનું પ્રમાણ વધી રહ્યું છે

દુબઈ,

ભારતીયોના દુબઈ વિઝા રિજેક્શનના પ્રમાણમાં વધારો જોવા મળ્યો છે. અમેરિકા અને કેનેડા બાદ હવે દુબઈના વિઝા રિજેક્ટ કરવામાં આવી રહ્યા છે. એવું માનવામાં આવી રહ્યું છે કે સુરક્ષાના કારણોસર વિઝા રિજેક્શન કરવામાં આવી રહ્યા છે. દુનિયાના અન્ય દેશોની જેમ દુબઈ સરકારે પણ ઈ-વિઝા રિજેક્શન શરૂ કર્યું.

દુબઈમાં ટેક્સમાં રાહત અને દિરહામ ચૂકવાતા હોવાથી સારી કમાણી થતી હોય છે. ખાસ કરીને કુશળ કામદારો અને વેપારીઓ દુબઈના વિઝા લેતા હોય છે. દુબઈમાં આઈટી નિષ્ણાત,આઈઓએસ ડેવલપર, નેટવર્ક એન્જિનિયર, પ્રોજેક્ટ મેનેજર, પ્રોજેક્ટ કોઓર્ડિનેટર,આઈટી ડેટાબેઝ એડમિનિસ્ટ્રેટર, વેબ ડેવલપર, ટેકનિકલ લીડ, સોફ્ટવેર ટેસ્ટર, સિસ્ટમ એનાલિસ્ટ, સોફ્ટવેર ડેવલપર, જાવા અને કોણીય ડેવલપર, નેટવર્ક એડમિનિસ્ટ્રેટર, પાયથોન ડેવલપર, બ્લોક ચેઈન ડેવલપર, બિઝનેસ ઈન્ટેલિજન્સ એનાલિસ્ટ સૌથી લોકપ્રિય વ્યવસાયમાં રસ ધરાવનારને વિઝા ઝડપી મળે છે. આ સિવાય બાંધકામ ક્ષેત્રમાં કામ કરતા લોકોને પણ ઝડપી વિઝા મળે છે. ખાસ કરીને એકાઉન્ટન્ટ કન્સ્ટ્રક્શન ઈન્ડસ્ટ્રી, કન્સ્ટ્રક્શન સુપરવાઈઝર, મેનેજર સિવિલ કન્સ્ટ્રક્શન, કન્સલ્ટન્ટ્સ અને સિનિયર કન્સલ્ટન્ટ્સ – કન્સ્ટ્રક્શન ક્લેઈમ્સ ક્વોન્ટિટી, સાઈટ સુપરવાઈઝર, કોસ્ટ મેનેજર, કન્સ્ટ્રક્શન વર્કર્સ, કન્સ્ટ્રક્શન ફોરમેન, પ્રોજેક્ટ મેનેજર, પ્રોજેક્ટ એન્જિનિયર, પરચેઝ એક્ઝિક્યુટિવ કન્સ્ટ્રક્શન, કન્સ્ટ્રક્શન મેન, ક્વોન્ટિટી, કન્સ્ટ્રક્શન મેનેજર્સ આર્કિટેક્ચરલ ડિઝાઈનર, પ્લાનિંગ એન્જિનિયર અને કન્સ્ટ્રક્શન લોયર સાથે સંકળાયેલા લોકોને દુબઈમાં સરળતાથી અને ઝડપી વિઝા મળે છે. પરંતુ હાલમાં અન્ય દેશોની જેમ દુબઈમાં પણ વિઝાને લઈને કડક વલણ અપનાવવામાં આવ્યું છે. અને ઈ-વિઝે રિજેક્શન શરૂ કરાયું છે.

## કોરોના વાયરસનું નવું સ્વરૂપ ભારતમાં પહોંચ્યું,સાત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ ૩૪ કેસ

નવીદિલ્હી,

સિંગાપોર બાદ હવે ભારતમાં પણ કોરોના વાયરસ કેપી.૧ અને કેપી.૨ના નવા પ્રકારો દસ્તક આપી રહ્યા છે. દેશના વિવિધ રાજ્યોમાં ૩૦૦ થી વધુ કેસ નોંધાયા છે. માહિતી અનુસાર, દેશમાં કુલ ૨૯૦ લોકો કેપી ૨ અને ૩૪ કેપી.૧ થી સંક્રમિત થયા હોવાની પુષ્ટિ થઈ છે. આ બે સબ-વેરિઅન્ટ્સને કારણે સિંગાપોરમાં ચેપના કેસમાં વધારો થયો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ બંને જેએન ૧ વેરિઅન્ટના સબ-વેરિઅન્ટ છે, જે હોસ્પિટલમાં દાખલ થવા અને ગંભીર રીતે બીમાર થવાના કેસ સાથે સંબંધિત નથી.

સૂત્રોના જણાવ્યા અનુસાર,આઈએનએસએસીઓજી કોરોનાના વધતા જતા કેસોને લઈને સંવેદનશીલ છે અને જો નવા પ્રકારોના કેસ સામે આવે તો તેનો સામનો કરી શકે છે.આઈએનએસએસીઓજી અનુસાર, દેશના સાત રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કેપી.૧ ચેપના કુલ ૩૪ કેસ જોવા મળ્યા છે. જેમાંથી ૨૩ કેસ એકલા પશ્ચિમ બંગાળમાં નોંધાયા હતા. તે જ સમયે, ગોવા, હરિયાણા અને ઉત્તરાખંડમાં આ ચેપનો એક-એક કેસ નોંધાયો છે. જ્યારે ગુજરાત અને રાજસ્થાનમાં ૨-૨ કેસ મળી આવ્યા છે. મહારાષ્ટ્રમાં આ ચેપના કુલ ચાર કેસ નોંધાયા છે. જ્યારે દેશમાં કેપી.૨ સબ-વેરિયન્ટના કુલ ૨૯૦ કેસમાંથી સૌથી વધુ ૧૪૮ કેસ એકલા મહારાષ્ટ્રમાં જોવા મળ્યા છે.

આ સિવાય દિલ્હી અને મધ્ય પ્રદેશમાં આ પ્રકારનો એક-એક કેસ નોંધાયો છે. જ્યારે ગોવામાં ૧૨, ગુજરાતમાં ૨૩ અને હરિયાણામાં ત્રણ લોકો આ પ્રકારથી સંક્રમિત થયા છે. બીજી તરફ કર્ણાટકમાં ચાર, ઓડિશામાં ૧૭, રાજસ્થાનમાં ૨૧ અને ઉત્તર પ્રદેશમાં આઠ લોકો આ ચેપથી પ્રભાવિત છે. જ્યારે ઉત્તરાખંડ અને પશ્ચિમ બંગાળમાં અનુક્રમે ૧૬ અને ૩૬ લોકો આ પેટા વેરિઅન્ટથી સંક્રમિત થયા છે. તમને જણાવી દઈએ કે સિંગાપોરમાં તાજેતરના સમયમાં કોવિડ-૧૯ની લહેર જોવા મળી રહી છે. આ મહિને, ૫ થી ૧૧ મેની વચ્ચે, દેશમાં કેપી.૧ અને કેપી.૨ સબ-વેરિઅન્ટ ચેપના કુલ ૨૫,૯૦૦ કેસ જોવા મળ્યા છે.

અમે તમને જણાવી દઈએ કે ભારતીય જેનોમિક્સ કન્સોર્ટિયમે ૩૦ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ ભારત સરકાર દ્વારા સ્થાપિત જીનોમ સિક્વન્સિંગ લેબોરેટરીનું રાષ્ટ્રીય મલ્ટિ-એજન્સી કન્સોર્ટિયમ છે. શરૂઆતમાં આ સંઘમાં ૧૦ પ્રયોગશાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ પછી આઈએનએસએસીઓજી હેઠળ પ્રયોગશાળાઓનો વ્યાપ વિસ્તારવામાં આવ્યો. હાલમાં આ કન્સોર્ટિયમ હેઠળ ૨૮ પ્રયોગશાળાઓ છે. જેનું કામ આઈએનએસએસીઓજી એસએઆરએસ કોવિ-૨ માં જીનોમિક ભિન્નતાઓ પર નજર રાખવાનું છે.

# સંતરામપુરમાં તાપમાન પારો ૪૫ ડીગ્રી ઉપર પહોંચતા રસ્તાઓ સુમસામ



સંતરામપુર, સંતરામપુરમાં ગરમીનો પારો ૪૫ ઉપર પહોંચતા રસ્તામાં કર્ફ્યુ જેવો માલ જોવા મળી આવ્યું. હવામાનની આગાહી મુજબ સતત ચાર દિવસથી પડેલી ગરમીના કારણે સંતરામપુર નગરવાસીઓ ગરમીમાં શેકાઈ ગયા અને ભુક્કા બોલાવી નાખ્યા ગરમીના કારણે ધંધામાં પણ મોટી અસર જોવા મળતી હતી. બપોરના સમયે તો રસ્તાઓ પર બિલકુલ સન્નાટો જોવા મળ્યો હતો. એવું કે લોકોને લોકડાઉનના દિવસો યાદ આવી ગયા તેવી પરિસ્થિતિ સર્જાઈ રહેલી હતી. ગરમીના કારણે ઓફિસોમાં બજારોમાં દરેક જગ્યાએ સુમસમ જોવા મળેલું હતું. લોકો ઘરમાંથી બહાર નીકળવાનું જ બંધ કરી દીધું તેવી પરિસ્થિતિ જોવા મળી આવેલી હતી. લગ્નની મોસમ હોવા છતાંય બજારોમાં સુમસમ જોવાઈ રહેલા હતા. રોજિંદા ધંધા કરતા લોકો ગરમીના કારણે બપોરના સમયે મોઢે રૂમાલ રાખીને પણ આરામ કરતા જોવા મળી આવેલા હતા. ગરમીના કારણે મધ્યના લોકો આવી ગરમીમાં ૪૫ ડિગ્રીમાં રોજગારી મેળવવા માટે મજબૂર બની રહ્યા હતા. ગરમીના કારણે લોકો ઠંડા પીણા, છાસ અને પાણી પર સતત ઉપયોગ કરી રહ્યા છે, પરંતુ હજુ પણ જાહેર માર્ગો પર તંત્ર દ્વારા કે અન્ય દાંતો દ્વારા બહારગામથી ગ્રામ્યમથી આવતા લોકો માટે પાણીની વ્યવસ્થા કરવામાં પણ આળસ જોવા મળી આવેલી હતી. ૪૫ ડિગ્રી ગરમીના કારણે સંતરામપુર નગરવાસીઓ ગરમીમાં શેકાયા.

# ટ્રકનું સ્ટેરીંગ લોક થઈ જતાં બાલાસિનોરમાં મોટી જાનહાનિ ટળી



બાલાસિનોર, બાલાસિનોર નગર વિસ્તારના અમદાવાદી તરફથી આવતા હેવી ટ્રકનું અમદાવાદી ઢાળ ઉતરતાજ ટ્રકના સ્ટેરીંગ લોક થઈ ગયું હતું. જોકે, ડ્રાઈવરે સૂઝબુજ વાપરતા ઉભી રાખી દીધી હતી. જોકે સ્થાનિક વેપારીઓના જીવ તાળવે ચોંટી ગયા હતા. અગાઉ આ અમદાવાદી ઢાળ પર બ્રેક ફેલ થઈ જવાથી ૨ થી વધુ વખત અનેક અકસ્માતો સર્જાઈ ચૂકયા છે. ત્યારે આજે પણ મોટી જાનહાનિ ટળતા સ્થાનિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# નડિયાદ શહેર ઇન્દિરાનગરી ખાતે થયેલ મહિલાના મૃત્યુ અંગે આરોગ્ય ટીમે તપાસ હાથ ધરી

નડિયાદ, નડિયાદ શહેરનાં ઇન્દિરાનગરી ખાતે રહેતા ૫૫ વર્ષીય મીનાબેન જે.સોલંકી સિવિલ હોસ્પિટલ, નડિયાદ ખાતે સારવાર માટે તા.૨૧/૦૫/૨૦૨૪, ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે દાખલ થયા હતા. જેઓનું તા.૨૧/૦૫/૨૦૨૪ ના રોજ બપોરે ૧૨:૧૦ કલાકે સિવિલ હોસ્પિટલ, નડિયાદ ખાતે મૃત્યુ થયેલ હતું.આ સંદર્ભે જીલ્લા આરોગ્ય ટીમે સિવિલ હોસ્પિટલ, નડિયાદ ખાતે મુલાકાત લઇ દર્દીના કેસ-પેપરની ચકાસણી હાથ ધરી હતી. ઉપરાંત સારવાર આપનાર તબીબ સાથે પુછપરછ કરતા આ દર્દીને ડાયાબીટીસ, હાઇપરટેન્શન, કીડનીની તકલીફ હોવાનું અને દર્દીનું મૃત્યુ સેપ્ટેસીમીયાના કારણે થયું હોવાનું પ્રાથમિક તપાસમાં માલૂમ પડ્યું છે એમ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું છે.

# મહીસાગર જીલ્લાનીગોધર પશ્ચિમ આંગણવાડી કેન્દ્ર ખાતેબાલક પાલક સર્જન કાર્યક્રમ યોજાયો



મહીસાગર, મહીસાગર જીલ્લાની તમામ આંગણવાડી ખાતે બાળકોના નામાંકન વધારવા તેમજ બાળકો રેગ્યુલર હાજરી આપે તેવા ઉમદા આશય સાથે પ્રોગ્રામ ઑફિસર દક્ષાબેનની સૂચના હેઠળ તા ૨૧ અને ૨૨ મે ના રોજ બાલક પાલક સર્જન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.આઈ.સી.ડી.એસ. મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આંગણવાડીમાં કરાવવામાં આવતી પૂર્વ પ્રાથમિક શિક્ષણની પ્રવૃતિઓથી માતા-પિતા, વાલી, જનસમુદાયને માહિતગાર કરવામાં આવે છે. આંગણવાડીમાં બાળકોના નામાંકનમાં વધારો કરવા તેમજ નોંધાયેલ બાળકો આંગણવાડીમાં નિયમિત આવતા થાય તે માટે વાલીની ભાગીદારી વધારવા બાળકો અને વાલી સાથે મળીને પ્રવુતિઓ કરે તે માટે આંગણવાડીમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકો અને વાલીઓ માટે આજે બાલક પાલક સર્જન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંતરામપુર ઘટક-૩ ના સીડીપીઓ જીણીબેનની આગેવાનીમાં તમામ આંગણવાડી ખાતેબાલક પાલક સર્જન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત ઘટક કક્ષાનો ગોધર પશ્ચિમ આંગણવાડી કેન્દ્ર ખાતેપાપા પગલી પ્રોજેક્ટના પ્રી સ્કૂલ ઈન્સ્ટ્રકટર કોમલબેન માર્ગદર્શન હેઠળ બાળકોએ વાલીઓની હાજરીમાં બોટલના ઢાંકણ, પાંદડા, ભીંડાના ડીંટા, કાંટા ચમચી વડે છાપકામ, પેન્સિલની છોલ, લાકડાનો વેરમાંથી ચીટકકામ, છાપાના રંગીન કાગળના ટુકડા વડે કોલાજકામ, તેમજ ફૂલ પાંદડા વડે રંગકામ દોરીથી રંગકામ અને મુક્ત ચિત્ર અને રંગપુરણી, જેવી વિવિધ પ્રવત્તિઓ કરી હતી જેમાં ગોધર (૫) ૧-૨-૩ ની આંગણવાડીની કાર્યકર બહેનો, તેડાઘર તેમજ બાળકો અને વાલીઓની હાજરીમાં કાર્યક્રમ યોજાયો હતો.

# સંતરામપુરમાં બોરવેલ ગાડી અને બાઈક વચ્ચે અકસ્માતમાં બાઈક સવાર બે ના મોત

સંતરામપુર, સંતરામપુર નાળ વિસ્તારમાં ઉબેર ગામેથી સુરેશભાઈ પારસીંગભાઈ માલીવાડ અને અજયભાઈ લાલસીંગભાઈ માલીવાડ બાઈક ઉપર પોતાના કામ માટે બજારમાં આવતા હતા દરમિયાન બોરવેલની ગાડી અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બોરવેલની ગાડીનો ચાલક ગાડી મુકી ફરાર થઈ ગયો હતો. અકસ્માતમાં બંને યુવાનોને શરીરનના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમના ઘટના સ્થળે મોત નીપજયાં હતા. અકસ્માતની ઘટના બનતા આજુ બાજુના લોકટોળા દોડી આવ્યા હતા. પરિવારને જાણ કરવામાં આવી હતી. બંને યુવાનોના મોત થતાં પરિવારમમાં શોકની લાગણી ફેલાઈ હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી બંને મૃતદેહોને સંતરામપુર સ્ટેટ હોસ્પિટલમાં પી.એમ.અર્થે મોકલી આપ્યા હતા. આ ઘટના અંગે લાલસીંગ દલા માલીવાડે સંતરામપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અકસ્માત મોત અન્વયે ગુનો દાખલ કરીને આગળ વધુ તપાસ હાથ ધરી હતી.

# નડીઆદના આંગણવાડી કેન્દ્રોમાં ''બાળક પાલક સર્જન'' કાર્યક્રમ યોજાયો



નડિયાદ, આંગણવાડી કેન્દ્રોમાં ૩ થી ૬ વર્ષના બાળકોના સર્વાંગી વિકાસ માટે પૂર્વ પ્રાથમિક શિક્ષણ અંગે કરાવવામાં આવતી પ્રવૃતિથી માતા-પિતા, વાલી અને સમુદાયને માહિતગાર કરી બાળકના વિકાસ અંગે જણાવી ચર્ચા કરી જાગૃતતા લાવવા, બાળકના પ્રારંભિક બાળ સંભાળ અને પુર્વ પ્રાથમિક શિક્ષાણનું બાળ વિકાસમાં મહત્વ સમજાવી સંવેદનશીલ બનાવવા તેમજ બાળકોના સર્વાંગી વિકાસમાં માતા પિતા અને કુટુંબ દ્વારા પ્રોત્સાહિત વાતાવરણ પુરૂં પાડવા માટે તેમની ભુમિકા સમજાવવા માટે અને આંગણવાડીમાં બાળકોના નામાંકનમાં વધારો કરવા તેમજ નોંધાયેલ બાળકો આંગણવાડીમાં નિયમિત આવતા થાય તે માટે વાલીની ભાગીદારી વધારવા માટે બાળકો અને વાલીઓ સાથે મળીને તારીખ.૨૧ અને ૨૨ મે-૨૦૨૪ના રોજ બે દિવસીય ''બાળક પાલક'' સર્જન કાર્યક્રમ આઈ.સી.ડી.એસ.નડીઆદ ઘટક-૨ હસ્તકના ૧૦૯ આંગણવાડી કેન્દ્રોમાં આયોજીત કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં બાળ વિકાસ યોજના અધિકારી તથા મુખ્ય સેવિકા બહેનો આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનો, કિશોરી/વાલી, પ્રી સ્કૂલ ઈન્સ્ટ્રકર સહિત આંગણવાડીમાં આવતા ૩ થી ૬ વર્ષના બાળકો અને વાલીઓ તેમજ આંગણવાડીમાં પ્રવેશપાત્ર ૨ થી ૩ વર્ષ સુધીના બાળકો અને વાલીઓએ આંગણવાડી કેન્દ્રમાં ઉપસ્થિત રહીને બાળક પાલક સર્જન કાર્યક્રમ અંતર્ગત વિવિધ પ્રવૃતિઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# વિરપુર ટી.ડી.ઓ.રજા ઉપર જતા કચેરીના કર્મચારીઓની ખુરશીઓ ખાલી

વિરપુર, હાલના સમયમાં સ્કુલ-કોલેજ માટે આવકના દાખલા તેમજ અન્ય કંઈકને કઈંક સરકારી કચેરીની કામગીરીને લઈ મામલતદાર અને તાલુકા પંચાયતમાં અરજદારોનો મોટો ધસારો જોવા મળે છે. અત્યારે ગરમીની મોસમે જોર પકડ્યુ છે. તેવા સમયમાં અરજદારો કાળઝાળ ગરમીથી બચવા માટે વહેલા ઠંડા પ્હોરમાં પોતાનુ કામ વહેલુ પતાવવા ઓફિસો પર પહોંચી જતા હોય છે. વિરપુર તાલુકા પંચાયતની ઓફિસમાં સવારે સાડા અગિયાર સુધી ઓફિસની ખુરશીઓ ખાલી જોવા મળતા અરજદારો અધિકારી સહિત કર્મચારીઓની આવવાની રામહ જોતા આમ તેમ ફરી રહ્યા હતા. ત્યારે કેટલાક અરજદારો પંચાયતના પટાંગણમાં અને બહાર સરકારી બાબુઓ આવવાની પ્રતિક્ષામાં બેસીને રાહ જોઈ રહ્યા હતા. આ અંગે વધુ માહિતી મેળવવા ટીડીઓ સાથે વાત કરતા તેઓ રજા ઉપર હોવાનુ જણાવી તપાસ કરાવુ છુ તેમ જણાવ્યુ હતુ. જયારે ટીડીઓ રજા ઉપર હોવાથી જવાબદાર નાયબ ટીડીઓની રૂમ પર તાળુ લટક્તુ જોવા મળ્યુ હતુ. અરજદારોની પ્રતિક્ષા બાદ ધીમે ધીમે કર્મચારીઓ આવી રહ્યા હતા. આમ વિરપુર તાલુકા પંચાયતમાં ટીડીઓ રજા ઉપર રહેતા કચેરી રેઢીયાળ જોવા મળી હતી. ત્યારે સમયસર કર્મચારીઓ ફરજ ઉપર હાજર નહિ રહેતા અરજદારોનો વેડફાટ થઈ રહ્યો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

# વિરપુર વકફ બોર્ડના માલિકીની મસ્જિદના વહીવટમાં ૭૧.૫૮ લાખની ઉચાપત બાદ વહીવટદારની નિમણુંક

વિરપુર, મહિસાગર જિલ્લાના વિરપુર ખાતે આવેલી વકફ બોર્ડની મિલ્કતના વહીવટમાં નુરે મોહંમદી મસ્જિદના ટ્રસ્ટીઓ દ્વારા ભારે ગેરરિતીઓ આચરતા અંદાજે રૂ.૭૧.૫૮ લાખની ઉચાપત થઈ હોવા બાબતે વકફ ટ્રીબ્યુનલમાં અપીલ અરજી કરાતા વકફ ટ્રીબ્યુનલે અરજીને અંશત : ગ્રાહ્ય રાખી મસ્જિદના વહીવટ માટે વહીવટદારની નિમણુંક કરવાનો આદેશ કર્યો છે.

વિરપુરની વકફ બોર્ડની માલિકીની નુરે મોહંમદી મસ્જિદના વહીવટમાં ભારોભાર ગેરરિતીના આક્ષેપો સાથે નવામુવાડા ગામના રહીશ ઘોરી મુગલભાઈ ગુલાબભાઈ દ્વારા રાજય વકફ બોર્ડ ટ્રીબ્યુનલમાં અપીલ કરાઈ હતી. જેમાં તેમણે મસ્જિદના ટ્રસ્ટીઓ દ્વારા કુલ રૂ.૭૧.૫૮ લાખની માતબર રકમની ઉચાપત થઈ હોવાના આક્ષેપો કરી મસ્જિદના હિસાબોની તપાસ કરવા માંગ કરી હતી. જે અનુસંધાને ગુજરાત રાજય વકફ ટ્રીબ્યુનલના ચેરમેન સવાઈસિંહ મોહનસિંહ રાજપુરોહિત અને બે ટ્રસ્ટી સભ્યો દિનેશ પુરૂષોત્તમ ચૌહાણ અને અનવર હુસેન મોહંમદ રફીક શેખની બેંક દ્વારા હાથ ધરાયેલી સુનાવણીના અંતે અરજદારની અરજી અંશત : મંજુર કરીને નુરે મોહંમદી મસ્જિદના ટ્રસ્ટીઓ દ્વારા કરાયેલા અનિયમિત નાણાંકિય વહીવટોની ગુજરાત રાજય વકફ બોર્ડ ત્રણ મહિનામાં તપાસ પુર્ણ કરે અને કસુરવારો સામે તાત્કાલિક કાયદેસર કાર્યવાહીઓ હાથ ધરવા આદેશ આપ્યો હતો. તદ્ ઉપરાંત નુરે મોહંમદી મસ્જિદના વકફના સુયોગ્ય વહીવટ માટે તટસ્થ અને કુશળ વહીવટદાર(કારોબારી અધિકારી)ની નિમણુંક કરવાના પણ આદેશ કરી વહીવટદારે કસુરવાર મુતવલ્લીઓ પાસેથી ઉચાપત કરેલી રકમ તેમની ખાનગી મિલ્કતમાંથી વસુલ કરીને વકફ ફંડમાં જમા કરવાનો આદેશ આપ્યો હતો.

## આપની આજ.......

મેષ: આજે સાવધાની અને જાગૃતિનો દિવસ છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. રોજિંદા કાર્યોથી આગળ કેટલાક નવા કાર્યોમાં પ્રયાસ કરો. કોઈ અંગત માટે કેટલાક પૈસાની વ્યવસ્થા કરવી પડી શકે છે.

વૃષભ: આજે શુભ પ્રસંગોમાં જોડાવાની તક મળશે. સમાજમાં ગૌરવ હોવાના કારણે તમારી ખ્યાતિ વધશે. આ સિવાય આજે જે લોકો ધંધામાં છે તેઓને સાંજના પાંચ વાગ્યા સુધીમાં એક ખાસ ડીલ ફાઈનલ થશે. રાજ્ય તરફથી વિશેષ સન્માન મેળવી શકાય છે.

મિથુન: તમારો આજનો દિવસ ખૂબ જ મજબુત છે. દિવસ દરમિયાન લાભની તકો મળશે. તેથી કાર્યાત્મક બનો. પરિવારમાં સુખ અને શાંતિનો આનંદ માણો. જો નોકરી કે ધંધામાં કોઈ નવીનતા લાવી શકો તો ભવિષ્યમાં ફાયદો થશે. કાર્યમાં નવું જીવન મળશે.

કર્ક: આજે નવી યોજના અને કોઈ ધાર્મિક સ્થળની મુલાકાતથી મન પ્રસન્ન થશે. કાયદાકીય વિવાદમાં વિજય અને સ્થાળાંતરની યોજનાઓ સફળ થઈ શકે છે. દિવસે મુશ્કેલીઓ હોવા છતાં, શકિતમાં વધારો થશે. પરિવારમાં સુખી પરિવર્તન આવશે.

સિંહ: આજનો દિવસ સામાન્ય છે. વહેંચાયેલા વેપારથી ભાગીદારીમાં મોટો ફાયદો થશે. રોજિંદા ઘરના કામકાજને સંભાળવાની આજની સુવર્ણ તક છે. કદાચ આજે તમારે તમારા પુત્ર અને પુત્રીના સંબંધમાં કોઈ મોટો નિર્ણય લેવો પડશે. પ્રામાણિકતા અને નિયમોની કાળજી લો. આજે એકસાથે ઘણાં કામ હાથમાં લેશો નહીં.

કન્યા: આજે ખૂબ ક્રિએટિવ દિવસ છે. એટલે કે આજે તમે કોઈપણ રચનાત્મક કાર્ય પૂર્ણ કરવામાં આખો દિવસ પસાર કરી શકો છો. મુસાફરોને જે કામ સૌથી પ્રિય છે તે આજે કરવામાં આવશે. સાથીદારોની સહાયથી તમે આજે આરામ કરી શકશો. પરિવારમાંથી મદદ મળશે.

તુલા: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સાવચેત રહેવાનો છે. હવામાનના બદલાવથી વિકાર પેદા થઈ શકે છે. ખાવા-પીવામાં બિલકુલ બેદરકારી રાખશો નહીં. ધંધાની દ્રષ્ટિએ દિવસ આનંદદાયક રહેશે. ઉતાવળમાં કોઈ ભૂલ થઈ શકે છે, તેથી બધું કાળજીપૂર્વક કરો.

વૃશ્ચિક: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે, તમે જે પણ કાર્ય સમર્પણ સાથે કરો છો તેમાં સફળતા મળશે. અધૂરા કામ પતાવશો, મહત્વપૂર્ણ ચર્ચાઓ થશે. ઓફિસમાં તમારા વિચારો મુજબ વાતાવરણ બનશે અને તમારા સાથીઓ પણ તમારો સાથ આપશે.

ધન: આજનો દિવસ લાભકારક છે. આજે તમારા વર્તનથી સંબંધિત તમામ વિવાદોનું સમાધાન થઈ શકે છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે. જમીન અને સંપત્તિના મામલે પરિવાર અને આસપાસના લોકો થોડી મુશ્કેલી ઊભી કરવાનો પ્રયાસ કરશે.

મકર: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. પરંતુ ધર્મ અને અધ્યાત્મનો અભ્યાસ કરવા થોડો સમય આપવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે. શુભ કાર્યોમાં રાત્રિનો સમય વિતાવશો.

કુંભ: આજે પરસ્પર ક્રિયા-પ્રતિક્રિયામાં સંયમ અને સાવધાની રાખવી. ધ્યાનમાં રાખો કે તમારી આસપાસના લોકો સાથે સંઘર્ષની કોઈ શક્યતા નથી. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે. ભાગ્યમાં વિશ્વાસ રાખો અને આત્મવિશ્વાસથી કાર્ય કરો. રાત્રે પરિસ્થિતિમાં વધુ સુધારો થશે.મીન: આજનો દિવસ લાભકારી રહેશે. બિઝનેસમાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે. મુશ્કેલીઓને ધીરજ અને તમારા નરમ વર્તન દ્વારા સુધારી શકાય છે. તમારી બુદ્ધિનો ઉપયોગ કરીને તમે જે કંઈપણ આજે ઈચ્છી રહ્યાં છો તે મેળવી શકો છો.

# વિરપુરના રસ્તાઓ ઉપર વેરાતી કપચીથી વાહનચાલકોમાં અકસ્માતનો ભય

વિરપુર, વિરપુરના મુખ્ય માર્ગ ઉપર સાઠંબા, સેવાલિયા ખાતે આવેલ કવોરી તેમજ આજુબાજુના વિસ્તારોમાં ડામર પ્લાન્ટ હોવાથી કપચી, ડામર અને ડસ્ટ જે નવીન રસ્તાના કામમાં વપરાય છે. તેમજ બિલ્ડિંગ મટીરીયલ્સમાં કપચી, રેતી જેવી વસ્તુઓની હેરાફેરી કરવા માટે હાઈવા ટ્રકનો ઉપયોગ કરાતો હોય છે. પરંતુ જે ઓવરલોડ ભરેલા હોવા છતાં કોઈપણ જાતનુ કાર્પેટ કે પ્લાસ્ટિક કંઈ જ ઢાંક્યા વગર બેફામ રસ્તા પરથી હંકારવામાં આવે છે જેને કારણે તેની પાછળના વાહનચાલકોને પારાવાર મુશ્કેલી વેઠવાનો વારો આવે છે. રસ્તા પર કપચી કે રેતી વેરાતી હોય છે. જેથી દ્વિચકી વાહનચાલકોને વધુ તકલીફનો સામનો કરવો પડે છે. ઘણીવાર અકસ્માતો પણ સર્જાયા હોવાના કિસ્સાઓ બન્યા છે. તેમ છતાં જિલ્લા ટ્રાફિક પોલીસ, સ્થાનિક પોલીસ અને આરટીઓ તંત્ર આંખ આડા કાન કરતુ હોય તેમ લાગી રહ્યુ છે. ત્યારે આવા ઓવર સ્પીડ અને ઓવરલોડ વાહનોનુ ચેકિંગ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી તેવી માંગ ઉઠવા પામી છે.

# ભરૂચમાં એસઓજીએ અંક્લેશ્વરમાંથી ગાંજાની ખેતી ઝડપી પાડી, એકની અટક

ભરૂચ, ભરૂચ જીલ્લામાં યુવાધન નશાના રવાડે ના ચડે તથા નશાયુકત પદાર્થોના ખરીદ-વેચાણ અને હેરાફેરી અટકાવવા માટે અસરકારક અને પરીણામલક્ષી કામગીરી કરવા તથા આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમો વિરૂધ્ધ કેસો કરવા પોલીસ મહાનિરીક્ષક સંદીપસિંહ તથા ભરૂચ પોલીસ અધિક્ષક મયુર ચાવડા નાઓ દ્વારા નો ડ્રગ્સ ઈન ભરૂચ અંતર્ગત જીલ્લાના તમામ અધિકારીઓને સુચના અસરકારક કામગીરી માટે સૂચના આપી હતી. જે સુચના આધારે પો.ઈન્સ.એ.એ.ચૌધરી નાઓના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી.સ્ટાફની ટીમો બનાવી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી એસ.ઓ.જી.ટીમ દ્વારા જીલ્લામાં પેટ્રોલીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ જે દરમ્યાન એ.એસ.આઇ.ગુલામ મહંમદ સરદારખાનને મળેલ ચોક્કસ બાતમી આધારે રેઈડ કરતા ધનાભાઈ જેરામભાઈ આહીરના ખેતરમાં વનસ્પિતજન્ય લીલા-સુકા ગાંજાના પર છોડ મળી આવ્યા હતા જેનું કુલ વજન ૩૯.૬૫૦ કિ.ગ્રા. હતું. આ મુદ્દામાલ કબ્જે કરી આરોપી ધનાભાઈ જેરામભાઈ આહીર વિરૂધ્ધ એન.ડી.પી.એસ.એકટ કલમ- ૮, ૨૦ મુજબ અંકલેશ્વર શહેર ''બી'' ડીવી. પોલીસ સ્ટેશન માં ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે.નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ ૧૯૮૫ હેઠળ ડ્રગ્સ સંબંધિત એવા કેસોમાં કાર્યવાહી કરવામાં આવે છે. આ કાયદામાં નાર્કોટિક અને સાયકોટ્રોપિક કેમિકલ પર નિયંત્રણો લાદવામાં આવ્યા છે. આ રસાયણોઅથવા દવાઓનેનિયંત્રિત કરતા કાયદાને એનડીપીએસ એક્ટ, નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક ડ્રગ્સ એક્ટ, ૧૯૮૫ કહેવામાં આવે છે. આ કાયદાને નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ ૧૯૮૫ પણ કહેવામાં આવે છે. ૧૯૮૫ માં સંસદ દ્વારા પસાર કરાયેલ આ કાયદો, કોઈપણ વ્યક્તિને માદક દ્રવ્યોના ઉત્પાદન, ઉત્પાદન, ખેતી, માલિકી, ખરીદી, સંગ્રહ, પરિવહન, સેવન અથવા ધરાવવા પર પ્રતિબંધ મૂકે છે. આ એનડીપીએસ એક્ટની કલમ ૨૦ હેઠળની જોગવાઈઓ છે. ગુનાને ઝડપી પાડવામાં પો.ઈન્સ.એ.એ.ચૌધરી સાથે એએસઆઈ ગુલામ મહંમદ સરદારખાન, હે.કો.શિવાંગસિંહ પ્રતાપસિંહ, પો.કો.મો.ગુફરાન મો.આરીફ, પો.સ.ઈ.શ્રી એમ.એચ.વાઢેર, એએસઆઈ જયેન્દ્રસિંહ મહોબતસિંહ, હે.કો.નિલેષભાઇ નારસીંગભાઈ અને ડ્રા.પો.કો.અશ્વિનભાઇ શંભુભાઈએ જહેમત ઉઠાવી હતી.

# વડોદરામાં ભાજપ બક્ષી પંચ મોરચાના અગ્રણીની સરેઆમ હત્યા કરાઈ

વડોદરા, ભાજપ બક્ષી પંચ મોરચાના અગ્રણીની સરેઆમ હત્યા કરવામાં આવી. બાળલગ્નની માહિતી આપવા મામલે મ્તઁ અગ્રણીની કેટલાક માથાભારે શખ્સ જોડે બબાલ થઈ હતી. જેના બાદ ત્રણ શખ્સોએ ભાજપ બક્ષી પંચ મોરચાના અગ્રીણ પર જીવલેણ હુમલો કર્યો હતો. તેઓ હુમલામાં ગંભીર રીતે ઘાયલ થતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. જયાં તેમનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું.

સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ભાજપ બક્ષી પંચ મોરચાના અગ્રણી ગોપાલ ચુનારાની સરેઆમ હત્યા કરવામાં આવી. ગોપાલ ચુનારા તેમના વિસ્તારમાં તમામ લોકોને મદદ કરવા હંમેશા તત્પર રહેતા. આવા જ એક કિસ્સામાં તેઓ ક્રાઈમ બ્રાંચમાં પંચ તરીકે સહી કરી હતી. ૯ મે ના રોજ સયાજી હોસ્પિટલ સામે ક્રાઈમ બ્રાન્ચની કચેરીમાથી પંચ તરીકે સહી કરીને નીકળ્યા હતા. તેઓ ત્યાંથી નીકળતા હતા ત્યારે કેટલાક લોકો દ્વારા તેમના પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો. આ માથાભરે તત્વો ગોપાલ ચુનારાને હુમલો કરતા પૂછતા હતા કે તમે કેમ બાળલગ્નની માહિતી આપી. માથાભરે તત્વોએ ગોપાલ ચુનારા પર હુમલો કરી ફરાર થઈ ગયા. ગંભીરપણે ઘાયલ થયેલ ભાજપના અગ્રણીને હોસ્પિટલમાં દાખલ કરાયા.

ભાજપ બક્ષી પંચ મોરચાના અગ્રણી ગોપાલ ચુનારાને ગંભીર ઈજા થતાં સયાજી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. દરમ્યાન ગઈકાલે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. માથાભારે તત્વો દ્વારા કરાયેલ જીવલેણ હુમલાના કારણે ગોપાલ ચુનારાનું મોત થતા તેમના પરિવારજનોએ મૃતદેહ સ્વીકારવાની ના પાડી. પરિવારે ન્યાયની માંગ કરતા રાવપુરા પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરતા ગણતરીના કલાકોમાં હુમલો કરનાર આરોપીને ઝડપી પાડ્યા. આરોપીઓની ઓળખ ક્રિષ્ના ચુનારા, જતીન ચુનારા અને અનિષ ચુનારા તરીકે કરવામાં આવી છે. આ ત્રણેય લોકોએ ભેગા મળીને ગોપાલ ચુનારા પર લોખંડના સળિયા વડે હુમલો કર્યો હતો. પોલીસે ત્રણેય આરોપીની ધરપકડ કરતા કેસની વધુ તપાસ હાથ ધરી છે.

# દાંતીવાડા ડેમનું પાણી કેનાલમાં આપવા પાલનપુરના ખેડૂતોની માંગ

પાલનપુર, દાંતીવાડા ડેમમાંથી સિંચાઈ માટે પાણી છોડવા માટે ખેડૂતોએ માંગ કરી છે. સિંચાઈને લઈ ખેડૂતો હાલમાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. મગફળી અને બાજરીના પાકનું ઉત્પાદન કરતા ખેડૂતો માટે સિંચાઈ માટે સમસ્યા સર્જાઈ છે.

પાલનપુર તાલુકાના ગઢ વિસ્તારના ખેડૂતોને હાલમાં સિંચાઈની હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.લગભગ ૯૦૦૦ હેક્ટર વિસ્તારમાં ઉનાળાની ખેતીને માથે તોખમ સર્જાયું છે. છેલ્લા દશ દિવસથી સિંચાઈની સમસ્યાએ ચિંતા વધારી દીધી છે. હવે પાકને માટે આખરી તબક્કામાં સિંચાઈના પાણીની કેનાલ મારફતે જરૂરિયાત વર્તાઈ રહી છે. આમ દાંતીવાડા ડેમમાંથી પાણી છોડવામાં આવે તો મોટી રાહત સર્જાય એમ છે.

**દાહોદ આવૃત્તિ**

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

**પંચમહાલ સમાચાર**

# પ્રેમી તોફાન દુલ્હનનું અપહરણ કર્યા બાદ ગાડી ભાડે કરી ભોપાલ ખાતે લઈ ગયો : પોલીસની ૪ ટીમોએ ભેદ ઉકેલ્યો

- દાહોદમાં દુલ્હન અપહરણકાંડમાં ખુલાસો, પ્રેમીએ પેલા ૧૪ સાગીરતોના મદદથી બંદૂકની અણીએ દુલ્હનનો અપહરણ કર્યુ.
- પોલીસે ૧૪ પૈકી ૪ આરોપીઓને ઝડપ્યા, અન્ય ૧૦ ફરાર.

દાહોદ, ભારતીય ફિલ્મની કથાનક જેવાં બનેલાં અપહરણના બનાવમાં મધ્યાતર પછી આવતી પરાકાષ્ઠાની જેમ દુલ્હનને ઉઠાવીજનાર આરોપી પકડાઈ જતાં નવો અને નોખા પ્રકારનો વળાંક આવવા પામ્યો છે. સમગ્ર બનાવમાં દુલ્હનના પિતરાઈ ભાઈની ભુમિકા અંગે પોલીસે ઘનિષ્ઠ તપાસ હાથ ધરી છે. ત્યારે સનસનીખેજ બનાવમાં કોણી કંઈ ભૂમિકા છે. તે સંપૂર્ણ વિગતો હાલના સમયમાં બનતી વેબ સિરીઝનુ નિર્માણ થઈ શકે એટલા પુરાવા અને વિગતો પોલીસે પ્રાથમિક તપાસમાં શોધી કાઢયા છે. ત્યારે આ બનાવની સિલસિલા બંધ હકીકતો એવી છે કે ત્રણ દિવસ પૂર્વે દાહોદ તાલુકાના ભાઠીવાડા ગામનો રોહિત બાબુભાઈ અમલીયાર પોતાના સગા સંબંધી મિત્રો સાથે મધ્યપ્રદેશની બોર્ડર પર આવેલા સાલાપાડા ગામે ઉષા સાથે પરણવા ગયો હતો. જ્યાં લગ્નના સપ્તપદીના સાત ફેરા ધામધૂમથી ફર્યા બાદ જાન દુલ્હનને લઈ પરત ભાઠીવાડા ગામે આવી રહી હતી. તે સમયે રસ્તામાં પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે બાઈક પર આવેલા ૧૪ થી વધારે ઈસમોએ બંદૂકની નોક પર નવપરણિત દુલ્હનને તેનાં પુર્વ પ્રેમી દ્વારા અપહરણ કરીને ભાગી જતા બનાવને લઈ સમગ્ર પંથકમાં સનસનાટી ફેલાઈ જવા પામી હતી. જે બાદ આ સમગ્ર મામલો પોલીસ સુધી પહોંચતા કતવારા પોલીસ મથકે પહોંચતા મધ્યપ્રદેશના ઝાબુવા તાલુકાના ગોવાળી પતરા ગામના મહેશભાઈ તોફાનભાઈ ભુરીયા સહિતના ૧૪ થી ૧૫ જેટલા ઈસમો સામે અપહરણ અંગેની ફરિયાદ નોંધાઈ હતી.જે બાદ ઘટનાની ગંભીરતાને જોતા દાહોદ એસપી ડોક્ટર રાજદીપસિંહ ઝાલાએ સમગ્ર પ્રકરણને ઝડપથી ઉકેલ લાવવા માટે ચાર જેટલી ટીમોનું ગઠન કર્યું હતું. જેમાં એલસીબી, કતવારા પોલીસ, DYSP ની ટીમ સહિત સાયબર સેલને પણ એક્ટિવ કરી દેવામાં આવ્યો હતો અને લગભગ ૭૨ કલાકના સમયગાળામાં દરમિયાન પોલીસે સમગ્ર પ્રકરણમાં એક એક કડીને જોડી નવ પરિણીત દુલ્હન તેમજ કથિત પ્રેમી અને અપહરણ કરતાં મહેશ તોફાન ભુરીયાને ભોપાલ ખાતે આવેલાં એક રહેણાંક મકાનમાંથી ઝડપી પાડ્યો હતો. સાથે સાથે આચાર્ય અપહરણકાંડમાં સામેલ ૧૪ પૈકી ચાર આરોપીઓ હવે પોલીસની ગિરફતમાં આવી જતા પોલીસે અન્ય ફરાર ૧૦ આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ઉપરોક્ત પ્રકરણમાં પોલીસે મુખ્ય અપહરણ કરતા મહેશ તુફાનભાઈ ભુરીયા રેહ. ગોવાળી પતરા મેઘનગર, જીતેન્દ્રભાઈ નટવરભાઈ ભાભોર રહેવાસી પીટોલ જાબુવા, અંકિત ઉર્ફે રોહિત ઉર્ફે કોહલી તોલસિંગ ભાભોર રહેવાસી નવી વાવડી મેઘનગર ઝાબુઆ, તેમજ નવલસિંહ મુનાભાઈ ભુરીયા રહે. ક્સના ફળિયું પૂછ્વાણિયા સહિત ચાર આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા સાંપડી છે. જેમાં રોહિત ઉર્ફે કોહલી ભાભોર પાસેથી દેશી હાથ બનાવટ નો ક્ટ્ટો પણ દેશી હાથ બનાવટ નો ક્ટ્ટો પણ રિક્વર ક્રવામાં આવ્યો છે.

**પરિણીત પ્રેમી અને નવપરિણીત દુલ્હન વચ્ચે છ વર્ષથી પ્રેમ સંબંધ હતો.**

આ સમગ્ર પ્રકરણમાં ફિલ્મી કથાને ટક્કર મારે તેવી સીન ક્રિએટ થયા છે. પરિણીત દુલ્હન ઉષાને તેના મિત્રોની મદદથી બંદૂકની અણીએ અપહરણ કરનાર પ્રેમી મહેશ તોફાન ભુરીયા પહેલેથી જ પાણી થતો અને તેની પત્ની રિસાઈને તેના પિયરમાં જતી રહી હતી. બીજી તરફ તોફાન અને ઉષા વચ્ચે છેલ્લા છ વર્ષથી પ્રેમ સંબંધ હતો. પરંતુ તોફાનના પહેલેથી લગ્ન થઈ જતા ઉષા એ પોતાનું ઘર સંસાર માંડવા ભાહઠીવાડા ગામના રોહિત અમલીયાર જોડે સપ્તપદીના ફેરા ફર્યા હતા પરંતુ પ્રેમમાં આંધળા બનેલા પ્રેમી મહેશએ પોતાની પ્રેમિકા ઉષાને પામવા માટે સમગ્ર અપહરણનો કાંડ અને અંજામ આપ્યો હતો.

**સમગ્ર અપહરણનો કારસો રાછરડામાં ઘડાયો : દુલ્હનના પિતરાઈ ભાઈએ અપહરણકર્તાઓને સાથે સાઠગાંઠનો પર્દાફાશ.**

મહેશે પોતાની પ્રેમિકાને અપહરણ કરવા માટે તેના ૧૦ થી ૧૪ જેટલા મિત્રોની મદદ લીધી હતી. જેમાં દાહોદ તાલુકાના રાસડા મુકામે ભેગા થયા હતા. જ્યાં તમામ લોકોએ આ સમગ્ર અપહરણકાંડને અંજામ આપવા માટે વ્યૂહરચનાં ઘડી લીધી હતી. ત્યારબાદ અમુક લોકો જે જગ્યાએથી અપહરરણ થયો તે જગ્યા પર પહેલેથી જ ગોઠવાઈ ગયા હતા. આ સમગ્ર પ્રકરણમાં દુલ્હનના પિતરાઈ ભાઈ દ્વારા માહિતીની આપ લે કરવામાં આવી રહી હતી અને દુલ્હન પિતાના ઘરથી રવાના થયા બાદ નવાગામ બોરડી પાસે નક્કી કરેલા પ્લાન મુજબ સમગ્ર અપહરણકાંડનો ઉપરોક્ત મહેશ તોફાન સહિતના ૧૪ જેટલા આરોપીઓએ બંદૂકની અણીએ અંજામ આપ્યો હતો.

## દે.બારીયા તાલુકાની ખનીજ સંપત્તિને છેલ્લા કેટલાય સમયથી ઉલેચીને સરકારી તિજોરીને કરોડોનું નુકસાન પહોંચાડનારા ખનન માફિયાઓ સામે કાયદાનો કોરડો ક્યારે વિંઝાશે ? જેવા અનેક સવાલો.



દાહોદ, દાહોદ જીલ્લાના દેવગઢબારિયા તાલુકાની નદીઓના પટ્ટમાં ધરબાયેલ ખનીજ સંપત્તિને પોતાની બાપોતી મિલકત સમજી કેટલાક ખનન માફીઆઓ જીલ્લાના કેટલાક મોટા માથા સાથેની મિલી ભગત તેમજ ભાગીદારીમાં નષ્ટ કરી સરકારી તિજોરીને મહિને દહાડે કરોડોનું નુકસાન પહોંચાડી પોતાની તિજોરીઓ ભરી રહ્યા છે. ત્યારે દેવગઢ બારીયા તાલુકાની ખનીજ સંપત્તિને બચાવવા મોટા માથાઓની મિલીભગતથી ગેરકાયદેસર રેતી ખનન કરનારા ખનન માફીઆઓ સામે કાયદાનો કોરડો વિંઝવો જરૂરી થઈ પડયો છે. ત્યારે રાજયના ઉચ્ચ સ્તરેથી કાયદાનો કોરડો ક્યારે વિંઝવામા આવશે ? તે હવે જોવું રહ્યું. દેવગઢ બારીયા તાલુકામાં આવેલ પાનમ નદીમાંથી પણ કેટલાક ખનન માફિયાઓએ નિયમિત રીતે ગેરકાયદે રેતી ખનન કરી નદીના પેટાળ સુધી પહોંચી આસપાસની જમીનને પણ ખોખલી કરી નાખી છે. આ રીતે રેતી ખનના ગેરકાયદેસર બેખોફ ચાલી રહેલા વેપલા માટે જીલ્લાના ખાણ ખનીજ વિભાગની બેજવાબદારી ભરી નીતિ રીતિ જ મુખ્યત્વે જવાબદાર હોવાનું પંથકમાં ચર્ચાઈ રહ્યું છે. આમને આમ ખોદકામ ચાલશે તો ? આવનાર સમયમાં શહેરી જનોને પીવાના પાણીની પણ વિકટ સમસ્યાઓ ઉભી

## ફતેપુરામાં જી-સ્વાન ઈન્ટરનેટ સેવા ખોટકાતા કચેરીઓમાં કામકાજ અટક્યુ

ફતેપુરા, ફતેપુરા તાલુકામાં છેલ્લા એક સપ્તાહથી જી–સ્વાન ઈન્ટરનેટ સેવા ખોટકાતા કચેરીઓમાં ઓનલાઈન ચાલતી કામગીરી ઠપ્પ થઈ જવા પામી છે. ઈન્ટરનેટ સેવા બંધ રહેતા કચેરીઓમાં કામકાજ અર્થે આવતા લોકોને પરત ફરવાનો આવ્યો છે. કચેરીઓમાં લોકોના કામકાજ ન થતાં લોકોને ધરમધક્કા ખાવાનો વારો આવ્યો છે. ફતેપુરા તાલુકાના ગામડાઓમાંથી કાળઝાળ ગરમીમાં અગત્યના જરૂરી પોતાના કામકાજ લઈને આવતા લોકોના કામ ન થતાં સમયથી સાથે સાથે રૂપિયાનો પણ વ્યય થઈ રહ્યો છે. છેલ્લા એક સપ્તાહથી તાલુકામાં જી–સ્વાનની ઈન્ટરનેટ સુવિધા વારંવાર ખોટકતા ફતેપુરા તાલુકા પંચાયત, મામલતદાર કચેરી, પોલીસ સ્ટેશન, રાષ્ટ્રિયકૃત બેંકો, ગ્રામ પંચાયતો સહિત ઈન્ટરનેટથી ચાલતી તમામ કચેરીઓના કામકાજો ખોરંભે પડ્યા છે. અવાર નવાર ખોટકાતી સેવાને લઈને કચેરીઓના ઓપરેટરો, કર્મચારીઓ અને અધિકારીઓ પોતાનુ કામ લઈને આવતા અરજદારોમાં બીએસએનએલની કથળતી જતી જી–સ્વાન ઈન્ટરનેટ સેવાઓને લઈને લોકોમાં ભારે રોષ ફાટી નીકળેલો જોવા મળી રહ્યો છે.

## ધાનપુરના માંડવ ગામે પરણિતા સાથે દુષ્કર્મ આચરતાં ઈસમ પરણિતાના પતિને ધકકો મારી નાશી જતાં ફરિયાદ

દાહોદ, દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના માંડવ ગામે એક પરણિતાની સાથે બળજબરી પુર્વક દુષ્કર્મ આચરતાં ઈસમને પરણિતાના પતિએ પકડી પાડતાં ગ્રામજનોને બુમાબુમ કરી બોલાવવા જતાં દુષ્કર્મ આચરનાર ઈસમ પરણિતાના પતિને ધક્કો મારી નાસી જતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.ધાનપુર તાલુકામાં રહેતી એક ૨૫ વર્ષિય પરણિતા ગત તા.૧૮મી મેના રોજ પોતાના ઘરથી થોડે દુર લઘુશંકા માટે ગઈ હતી. ત્યારે ધાનપુરના માંડવ ગામે ખેડા ફળિયામાં રહેતો સુમલાભાઈ ધીરસીંગબાઈ મિનામા પરણિતાનો પીછો કરતો કરતો પરણિતાના પાછળ ગયો હતો અને પરણિતાને પકડી ધાક ધમકીઓ આપી પરણિતાને જમીન પર પાડી દઈ તેણીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યુ હતું. ત્યારે પરણિતાએ બુમાબુમ કરી મુકતા પરણિતાનો પતિ દોડી આવ્યો હતો અને સુમલાભાઈને પકડી પાડી ગ્રામજનોને બુમો પાડી બોલાવવા જતાં ગ્રામજનો આવે તે પહેલા પરણિતાના પતિને સુમલાભાઈ ધક્કો મારી નાસી જતાં આ સંબંધે દુષ્કર્મનો ભોગ બનેલ પરણિતાએ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીઆમાં પાંચ વર્ષીય વ્યકિતને બે ઈસમો રીક્ષામાં બેસાડી ૧ લાખ રૂપીયા રોકડા કાઢી લઈ ફરાર

દાહોદ, દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ નગરમાં ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં એક ૫૫ વર્ષિય આધેડ વ્યકિતના ખિસ્સામાં મુકી રાખેલ રોકડા રૂપીયા ૧,૦૦,૦૦૦ કોઈ અજાણ્યા બે ઈસમો દ્વારા વ્યકિતને રીક્ષામાં બેસાડી રસ્તામાં રીક્ષામાં વ્યકિતના ખિસ્સામાં વ્યકિતની નજર ચુકવી ૧,૦૦,૦૦૦ રોકડા કાઢી લઈ રીક્ષા લઈ ફરાર થઈ જતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૦૮મી મેના રોજ દેવગઢ બારીઆ તાલુકાના ઉંચવાસ ગામે નેશ ફળિયામાં રહેતાં ૫૫ વર્ષિય આધેડ રમેશભાઈ વેચાતભાઈ વાઘરી દેવગઢ બારીઆ નગરમાં આવ્યાં હતાં અને દેવગઢ બારીઆ નગરમાં ગૌરાંગભાઈ પંડ્યા (જલારામ મેડીકલ સ્ટોર) પાસેથી રૂા.૧,૦૦,૦૦૦ હાથ ઉછીના લઈને પોતાના પેન્ટના ખિસ્સામાં આ રોકડા રૂપીયા મુકી ચાલતા ચાલતાં પોતાના ઘરે જઈ રહ્યાં હતાં તે વખતે રસ્તામાં દેવગઢ બારીઆની સમડી સર્કલથી થોડે દુર છોટાઉદેપુર રોડ ઉપર ગેરેજની દુકાનોની સામે બે અજાણ્યા ઈસમો રીક્ષા લઈ આવ્યાં હતાં અને રમેશભાઈને કહેલ કે, મરાજા તમો બહુ દિવસે મળ્યાં, તમારે ક્યાં જવાનું છે ? તેમ કહેતાં રમેશભાઈએ કહેલ કે, મારે ભુવાલ જવાનું છે, તેમ કહેતાં બે અજાણ્યા ઈસમોએ રમેશભાઈને કહેલ કે, અમો પણ ભુવાલ જ જઈએ છીએ, તેમ કહી રમેશભાઈને રીક્ષામાં બેસાડી રીક્ષામાં પાછળ બેઠેલ એક અજાણ્યા ઈસમે રમેશભાઈના ખોળામાં પડી રમેશભાઈના ખિસ્સામાંથી રોકડા રૂપીયા ૧,૦૦,૦૦૦ની ચોરી કરી લઈ બીજા માણસોને લેવા જવાનું છે, તેમ કહી રમેશભાઈને રસ્તામાં રીક્ષામાંથી ઉતારી દીધાં હતા. ત્યારે રસ્તામાં ઉતર્યા બાદ રમેશભાઈએ પોતાના ખિસ્સામાં તપાસ કરતાં રોકડા રૂપીયા ૧,૦૦,૦૦૦ નહીં જોવા મળતાં અને રીક્ષામાં આવેલા બે અજાણ્યા ઈસમો પોતાના રૂપીયા લઈ નાસી ગયાં હોવાનું માલુમ પડતાં આ સંબંધે રમેશભાઈ વેચાતભાઈ વાઘરીએ દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગુજરાતમાં હરતું ફરતું જુગારધામ પકડાયું, પોલીસ પણ નવો કિમીયો જોઈ ચોંકી

ખેડા, ગુજરાતમાં પોલીસથી બચવા અવનવી તરકીબો જુગારીઓ અપનાવતા હોય છે. ત્યારે ખેડા જિલ્લામાં આવો જ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જેમાં ચાલુ આઈસર ટ્રકમાં જુગારધામનો પર્દાફાશ થયો છે. ખેડા એલસીબીને ચાલુ ટ્રકમાં જુગારધામ ચાલતું હોવાની બાતમી મળી હતી. જેના આધારે શંકાસ્પદ આઈસર ટ્રકને અટકાવીને પૂછપરછ કરતા ટ્રકમાં લોકો જુગાર રમતા હોવાનું જણાયું હતું.રાજ્યમાં જુગાર રમતા અનેક કિસ્સાઓ પ્રકાશિત થાય છે. ત્યારે ખેડા જિલ્લામાં ચાલુ એક ભેજાબાજે જુગાર રમવાનો નવો કિમીઓ જ અજમાવ્યો હતો. જોકે તેનો આ કિમીયો પોલીસ પાસે નિષ્ફળ ગયો હતો. વાત એવી છે કે ખેડા એલસીબી અને એસઓજી પોલીસે ચાલુ આઈસર ટ્રકમાં જુગારધામ ચાલતુ હોવાની બાતમી મળી હતી. જેના પગલે હાઈવે પર નાકાબંધી કરી દીધી. આ દરમિયામન મહુધા-ડાકોર રોડ પર ઉંદરા ફાટક પાસે પસાર થઈ રહેલી શંકાસ્પદ આઈસર જીજે ૩૮ ટીએ ૧૫૫૧ને અટકાવવામાં આવી હતી. આ પછી પોલીસે પૂછપરછ કરતા જૂગારધામ ઝટપાયું હતું. આ કેસમાં પોલીસે જુગારનો અડ્ડો ચલાવીને જુગાર રમતા ચાલક સહિત કુલ ૪૨ વ્યક્તિઓની અટકાયત કરી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં માલુમ પડ્યું હતું કે જુગારમાં અટકાયત કરેલા તમામ લોકો ધોળકા-ખેડા-મહેમદાબાદ-મહુધા-ગળતેશ્વર રૂટ પર આઈસર ટ્રક દોડાવતા હતા. પોલીસે તમામ પાસેથી રોકડ રૂપિયા ૧,૫૫,૪૯૦ તેમજ દાવ પર રોકડ રૂપિયા ૯,૨૩૦ તથા ૭ નંગ મોબાઈલ તેમજ આઈસર ટ્રક મળી કુલ રૂ.૪,૭૨,૭૨૦નો મુદ્દામાલ જપ્ત કરી ઝડપાયેલા તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મે મહિનામાં ભયંકર ગરમીનું મોજું ચાલી રહ્યું છે,હાલ સ્થિતિ બદલાશે નહીં

નવીદિલ્હી, દિલ્હી, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને રાજસ્થાન સહિત લગભગ સમગ્ર ઉત્તર ભારતમાં ગરમીના કહેરથી લોકોની હાલત ખરાબ છે. મે મહિનામાં ભયંકર ગરમીનું મોજું ચાલી રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ઘણા દિવસો સુધી આ સ્થિતિ બદલાય તેવી કોઈ શક્યતા નથી. હવામાન વિભાગ દ્વારા હીટ વેવને લઈને રેડ એલર્ટ પણ જારી કરવામાં આવ્યું છે અને લોકોને મહત્તમ સાવચેતી રાખવા માટે કહેવામાં આવ્યું છે.

હવામાન વિભાગે તેની આગાહીમાં કહ્યું છે કે સપાટી પરના પવનો સાથે દિલ્હી એનસીઆર ક્ષેત્રમાં કેટલીક જગ્યાએ ગરમીની લહેર આવી શકે છે. એવું કહેવામાં આવ્યું છે કે દિલ્હીમાં ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવશે. સાત દિવસની આગાહીમાં, હવામાન વિભાગે ગુરુવારથી શનિવાર સુધી રેડ એલર્ટ જારી કર્યું છે અને ભારે ગરમીથી સંવેદનશીલ લોકો માટે આત્યંતિક કાળજી લેવાની વિનંતી કરી છે. બુધવારે દિલ્હીમાં મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૩૧ ડિગ્રી રહી છે.

હવામાન વિભાગે ઉત્તર પ્રદેશમાં ૨૫ મે સુધી હીટ વેવનું એલર્ટ જાહેર કર્યુ છે. રાજ્યના પશ્ચિમ વિસ્તારોમાં હવામાન શુષ્ક રહેશે અને તેની સાથે ગરમીના મોજાનો પણ સામનો કરવો પડી શકે છે. જો કે બીજી તરફ ઈસ્ટર્ન યુપીના લોકોને રાહત જોવા મળી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પૂર્વી યુપીના ઘણા જિલ્લાઓમાં વરસાદની સંભાવના છે.દેશના કુલ ૭ રાજ્યોમાં હવામાન વિભાગ દ્વારા હીટ વેવ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. દિલ્હી, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ગુજરાત અને ઉત્તર પશ્ચિમ મધ્ય પ્રદેશમાં ૨૫ મે સુધી તીવ્ર ગરમીનું એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આગામી ૫ દિવસ સુધી મેદાની વિસ્તારોમાં ગરમીથી રાહત મળવાની કોઈ આશા નથી.

## બંધારણ પર ખોટું ન બોલો, સાંપ્રદાયિક નિવેદનો ન આપો, કોંગ્રેસ-ભાજપને ચૂંટણી પંચની સલાહ

નવીદિલ્હી, રાજકીય પક્ષો ચૂંટણીમાં લોકોને પોતાની તરફેણમાં જીતવા માટે દરેક યુક્તિ અપનાવે છે. તેઓ આક્ષેપ-પ્રતિ-આક્ષેપને લઈને શબ્દયુદ્ધમાં વિવિધ પ્રકારના નિવેદનો આપે છે. રાજકીય લાભ માટે ઘણી વખત હદ વટાવી દેવામાં આવે છે. આ અંગે ચૂંટણી પંચે કડકાઈ દાખવી છે. જાતિ, ભાષા, ધર્મ, સેના અને બંધારણ પર નિવેદન આપવાના મામલે ભાજપ અને કોંગ્રેસ બંનેને આડે હાથ લેવામાં આવ્યા છે. ભાજપ અને કોંગ્રેસના પ્રમુખોને સરંજામ જાળવવા ઔપચારિક નોટો જારી કરવાની સૂચના આપવામાં આવી છે.

ચૂંટણી પંચે ભારતીય જનતા પાર્ટી અને તેના સ્ટાર પ્રચારકોને ધાર્મિક અને સાંપ્રદાયિક આધાર પર પ્રચારથી દૂર રહેવાનો નિર્દેશ આપ્યો છે. કોંગ્રેસને કહેવામાં આવ્યું છે કે તે સુનિશ્ચિત કરે કે તેના સ્ટાર પ્રચારકો એવા નિવેદનો ન કરે જેનાથી ભારતનું બંધારણ ખતમ થઈ શકે તેવી ખોટી છાપ પડે.

સ્ટાર પ્રચારકોએ સમાજમાં ભાગલા પાડવા માટે કોઈ નિવેદન ન કરવું જોઈએ. અન્યથા પંચ ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ લાદશે. સ્ટાર પ્રચારકો દ્વારા ધર્મ સંબંધિત વિવાદાસ્પદ નિવેદનો ન કરવા જોઈએ.

ચૂંટણી પંચે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને કહ્યું છે કે સ્ટાર પ્રચારકોના વાહિયાત નિવેદનો દ્વારા સંરક્ષણ દળોને બદનામ ન કરવું જોઈએ. જો આમ થશે તો પંચ પ્રતિબંધો લાદવા માટે પગલાં લેશે.ચૂંટણી પંચે કોંગ્રેસને સંરક્ષણ દળોનું રાજનીતિકરણ ન કરવા જણાવ્યું હતું. સુરક્ષા દળોની સામાજિક-આર્થિક રચના અંગે વિભાજનકારી નિવેદનો ન કરો. કોંગ્રેસ દ્વારા અગ્નિવીર યોજનાને લઈને સતત આપવામાં આવતા નિવેદનો પર આ સૂચના આપવામાં આવી છે.ચુંટણી પંચે સ્પષ્ટપણે કહ્યું છે કે ભાજપ અને તેના સ્ટાર પ્રચારકોએ આવા નિવેદનો ન કરવા જોઈએ જેનાથી સમાજમાં વિભાજન થાય. બંને મોટા પક્ષો (ભાજપ અને કોંગ્રેસ)ને મતદારોના ચૂંટણી અનુભવના વારસાને મંદ કરવાની મંજૂરી આપી શકાય નહીં.

## ગાંજો મોકલવાના કેસમાં રશિયન નાગરિકના જામીન થયા નામંજૂર

અમદાવાદ, ગાંજો મોકલવાના કેસમાં રશિયનના જામીન કોર્ટે કેન્સલ કર્યા છે. રશિયન નાગરિકની જામીન અરજી કોર્ટે ફગાવતા હવે તેના માટે મોટી મુશ્કેલી ઉભી થઈ છે. જણાવી દઈએ કે રશિયન નાગરિકની ગાંજાની હેરાફેરી કરવા મામલે ધરપકડ કરવામાં આવી હતી. જેના બાદ તેની ધરપકડના કેસમાં કોર્ટમાં ચાલી રહેલ સુનાવણીમાં જામીન માટે અરજી કરવામાં આવી હતી. કોર્ટે ગાંજાની હેરાફેરી કરનાર રશિયનના જામીન ના મંજૂર કર્યા.રશિયન નાગરીક ભારતમાં રમકડાંની આડમાં ગાંજાનો વેપાર કરતો હતો. વિદેશી નાગરીક ભારતમાં બોગસ વિઝા લઈ રહેતો હતો. ભારતમાં રહેવાસ દરમ્યાન વિદેશી રશિયન નાગરીક રમકડાંના પાર્સલ સપ્લાય કરતો. અને આ રમકડાં ગાંજો છુપાડી દેતો હતો. પોલીસે બાતમીના આધારે રશિયન નાગરિકને ઝડપી પાડી મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પોલીસે તેને પકડી કાર્યવાહી કરી હતી. દરમ્યાન રશિયન નાગરિકે જામીન માટે કોર્ટમાં અરજી કરી હતી જેને નામંજૂર કરવામાં આવી હતી.

## એટીએમ કાર્ડ મદદના બહાને આવીને બદલીને છેતરપિંડી આચરતો આરોપી ઝડપાયો

પાલનપુર, બનાસકાંઠામાંથી એટીએમ બદલીને છેતરપિંડી આચરનારો ભેજાબાજ ઝડપાયો છે. વડગામ પોલીસે અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં રહેતા આરોપીને ઝડપી લઈને કાર્યવાહી હાથ ધરી છે. આરોપીએ એટીએમમાં મદદ કરવાના બહાને કાર્ડને બદલી દેતો હતો અને તે કાર્ડ દ્વારા પૈસા ઉપાડી લેતો હતો. વડગામ પોલીસે આ અંગે આવી જ ઘટના બેંક ઓફ બરોડાના એટીએમમાં બનવાને લઈ ગુનો નોંધીને તપાસ હાથ ધરી હતી. જે તપાસ દરમિયાન રાજુ ઉર્ફે મહંમદ સોહિલ નામના શખ્શને ઝડપી લેવામાં આવ્યો હતો.પોલીસે આ દરમિયાન તપાસ હાથ ધરી હતી અને એ તપાસમાં એક કારના નંબર આધારે આરોપી સુધી પહોંચવામાં સફળતા મળી હતી. આરોપી રાજુ પાસેથી જુદી જુદી બેંકના ૨૦૯ જેટલા એટીએમ કાર્ડ મળી આવ્યા હતા. તેણે અમદાવાદ, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, તાપી સહિતના જિલ્લાઓમાં છેતરપિંડીના ગુનાઓ આચર્યા હોવાનું સામે સામે આવ્યું છે. લગભગ ૨૭ જેટલા ગુનાઓનો ભેદ ઉકેલવામાં આવ્યો છે.

## મેમનગરમાં ૨૧ દુકાનો સીલ, ગંદકી ફેલાવવા મામલે કરાઈ કાર્યવાહી

અમદાવાદ, શહેરમાં મેમનગર વિસ્તારની ૨૧ દુકાનો સામે તંત્રે મોટી કાર્યવાહી કરી. મેમનગર વિસ્તારની ૨૧ દુકાનો સીલ કરાઈ છે. આ તમામ દુકાનોને સીલ કરાતા પહેલા તંત્ર દ્વારા નોટિસ મોકલવામાં આવી હતી. છતાં પણ દુકાનોના માલિકો દ્વારા બેદરકારીભરી કામગીરી થતા તંત્ર દ્વારા આકરું વલણ અપનાવવામાં આવ્યું.મેમનગર વિસ્તારની ૨૧ દુકાનોને તંત્રના તાળા લાગ્યા. તંત્રે આ તમામ દુકાનોને ગંદકી ફેલાવવા મામલે નોટિસ ફટકારી હતી. આ દુકાનો રહેણાંક વિસ્તારમાં આવેલ છે. અને જાહેરમાં ગંદકી ફેલાવવા મામલે તમામ ૨૧ દુકાનો સામે કાર્યવાહી કરાઈ. અત્યારે શહેરમાં ગરમીનો પ્રકોપ છે. હિટસ્ટ્રોકના કારણે લોકો વધુ બીમાર પડી રહ્યા છે. ત્યારે દુકાનો દ્વારા જાહેરમાં ગંદકી ફેલાવાતા શહેરી નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરવામાં આવી રહ્યા છે. મેમનગર વિસ્તારની આ ૨૧ દુકાનોને ગંદકી ફેલાવવા બદલ પ્રથમ નોટિસ મોકલવામાં આવી. છતાં પણ દુકાનના માલિકોએ નોટિસને અવગણતા ગંદકી ફેલાવવા બાબતે કોઈ પગલા ના લેતા આખરે તંત્રએ લાલ આંખ કરતા તમામ ૨૧ દુકાનો સીલ કરી દીધી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.230

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા નીટ પરીક્ષા ચોરી ષડયંત્રના આરોપી તુષાર ભટ્ટ અને આરીફ વ્હોરાના રીમાન્ડ પુરા થતાં કોર્ટ જયુડીશીયલ કસ્ટડીમાં મોકલ્યા

ગોધરા,
પંચમહાલ ગોધરામાં નીટ પરીક્ષામાં ચોરી કરવાના ષડયંત્રમાં પોલીસ દ્વારા પાંચ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે અને તમામ આરોપીઓના રીમાન્ડ મેળવીને પોલીસ દ્વારા પુછપરછ કરવામાં આવી હતી. પાંચ આરોપીઓ પૈકી તુષાર ભટ્ટ અને વચેટીયા આરીફ વ્હોરાના રીમાન્ડ પૂર્ણ થતાં કોર્ટમાં રજુ કરાયો હતો. કોર્ટ દ્વારા બન્ને આરોપીઓને જયુડિશીયલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા.ગોધરા જય જલારામ સ્કુલમાં યોજાયેલ નીટ પરીક્ષામાં ચોરીના ષડયંત્રમાં ગોધરા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસ દ્વારા પરશુરામ રોય, તુષાર ભટ્ટ, આરીફ વ્હોરા, વિભોર આનંદ, પુરષોત્તમ શર્માની ધરપકડ કરાઈ છે. નીટ પરીક્ષા ચોરીના ષડયંત્રમાં પકડાયેલ પાંચ આરોપીઓના રીમાન્ડ મેળવીને પોલીસ દ્વારા પુછપરછ કરવામાં આવી હતી. નીટ પરીક્ષા ચોરીના ષડયંત્રમાં મુખ્ય આરોપી તુષાર ભટ્ટની પુછપરછ દરમિયાન પુરષોત્તમ શર્માનું નામ ખુલવા પામ્યું હતું. મુખ્ય આરોપી તુષાર ભટ્ટ અને વચેટીયા આરીફ વ્હોરાના રીમાન્ડ પુરા થતાં આજરોજ કોર્ટમાં રજુ કરાયો હતો. કોર્ટ દ્વારા તુષાર ભટ્ટ અને આરીફ વ્હોરાને જયુડીશયલ કસ્ટડીમાં મોકલી આપવાનો હુકમ કરવામાં આવ્યો.

### રીમાન્ડ દરમિયાન પુરષોત્તમ શર્માનું નામ ખુલ્યું.

નીટ પરીક્ષામાં ચોરીના ષડયંત્રના મુખ્ય આરોપી તુષાર ભટ્ટની ધરપકડ બાદ ૧૦ દિવસના રીમાન્ડ મેળવ્યા હતા. રીમાન્ડ દરમિયાન તુષાર ભટ્ટના મોબાઈલ ડીટેલ મારફતે તેમજ ઈન્ટ્રોગેશનમાં પુરષોત્તમ શર્મા નામ સામે આવ્યું હતું.

### ચોરી કરવા ઈચ્છુક પરીક્ષાર્થી લાવવાનું કામ.

નીટ પરીક્ષામાં વચેટીયાની ભુમીકામાં આરીફ વ્હોરાની ભુમીકા હતી. તે પરીક્ષામાં ચોરી કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓને શોધી લાવતો હોવાનું સામે આવ્યું હતું.

# ગોધરા સહિત જીલ્લામાં સ્માર્ટ મીટર પ્રોજેકટ રદ કરવા અને જુના મીટર પૂનઃ લગાવી આપવા મુદ્દે ઠેર ઠેર મીટીંગનો દોર શરૂ કરાયો

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં ગોધરા સહિત તાલુકાઓમાં સ્માર્ટ મીટર પ્રોજેકટ રદ કરવા માટે મીટીંગ યોજીને તેનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. ગોધરામાં સ્માર્ટ મીટર માટેનો સરકારના ખોટા નિર્ણય સામે લડી લેવાના મુડમાં જાહેર જનતા મીટીંગ બોલાવી વિરોધ નોંધાવી રહી છે.

મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા સ્માર્ટ મીટર પ્રોજેકટ હેઠળ ઘરે-ઘરે મીટર લગાવવામાં આવ્યા છે અને આ સ્માર્ટ પ્રિપેઈડ મીટરનો વિરોધ વધતા હાલમાં સ્માર્ટ મીટર પ્રોજેકટ ઉપર રોક લગાવી છે અને જાહેરાત કરાઈ કે જે લોકો સામેથી અરજી કરશે તેમને જ સ્માર્ટ મીટર નાખી આપવામાં આવશે. ફરીથી પણ આ વાતનો પણ વિરોધ યથાવત રહેતા સરકારે એમ.જી.વી.સી.એલ. સાથે મીટીંગ કરી નવા નિર્ણય જાહેર કર્યા કે સ્માર્ટ મીટરની સાથે જુના મીટર પણ લગાડવામાં આવશે. સરકારના આ નિર્ણયથી લોકોમાં નારાજગી છે. જાહેર જનતાની એક માંગ છે કે, સ્માર્ટ મીટર પ્રોજેકટ ગરીબ અને મધ્યમ વર્ગ માટે લુંટ મચાવનાર પ્રોજેકટ છે. આ સ્માર્ટ મીટર પ્રોજેકટની રોજ કમાઈ ગુજરાન ચલાવતા લોકોને પરવડે તેમ નથી અને રીચાર્જ કરી લાઈટ વાપરવા પોસાય તેમ નથી. ગુજરાતમાં વિધાનસભાની ચુંટણીમાં જનતાએ ભાજપ ઉપર ભરોસો મુકી ૧૫૬ થી વધુ મીટર આવી તેમ છાતં સરકાર ગરીબ મદયમવર્ગના હિતમાં નિર્ણય લેતી નથી. જેથી ગોધરા શહેરમાં જાહેર જનતા વતી રોજ અલગ અલગ જગ્યાએ મીટીંગનું આયોજન કરવામાં આવે છે. લોકો સ્માર્ટ મીટર રદ કરવાના મુડમાં છે. ત્યારે આવનાર દિવસમાં ગોધરા શહેરમાં જે ૭ હજાર સ્માર્ટ મીટર લાગેલા છે. તેને મધ્યમ ગુજરાત વીજ કંપની દ્વારા કાઢી લેવામાં આવે અને જુના મીટર ફરી લગાવવામાં આવે તેવી માંગ સાથે આવેદન આપવામાં આવશે. તેમ છતાં સ્માર્ટ મીટર રદ નહિ કરે તો જાહેર જનતાએ ગાંધી ચિંધ્યા માર્ગ આંદોલન કરવાનો મુડ બનાવ્યો છે.

# શહેરા તાલુકાની સરકારી દુકાનમાં જીલ્લા પુરવઠા અધિકારીના ચેકીંગમાં ખરોલી સસ્તા અનાજની દુકાનમાં ઘઉં અને ચોખાના ૩૫ કટ્ટા લગ્ન પ્રસંગમાં વેચ્યાની કબુલાત



શહેરા,
પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા શહેરા તાલુકાના ધારાપુર, ધાયકા અને ખરોલી ગામના સરકારી સસ્તા અનાજની દુકાનમાં ચેકીંગ કરવામાં આવ્યું હતું. ખરોલી સરકારી દુકાનમાં ૧૬ કટ્ટા ચોખા અને ૨૩ કટ્ટા ઘઉંની ઘર સામે આવી હતી. સંચાલક દ્વારા અનાજનો જથ્થો લગ્ન પ્રસંગમાં વેચાણ કર્યા હોવાનું જણાવતા કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.પંચમહાલ જીલ્લા પુરવઠા અધિકરી એચ.ટી.મકવાણાને સરકારી સસ્તા અનાજની દુકાનોમાં ગેરરીતિ થવાની ફરિયાદોને પગલે શહેરા તાલુકામાં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. શહેરાના ધારાપુર, ધાયકા, ખરોલી ગામની સરકારી સસ્તા અનાજની દુકાનોમાં ચેકીંગ દરમિયાન ખરોલી ગામની સરકાર માન્ય વ્યાજબી દુકાન માંથી ૧૨ કટ્ટા ચોખા તેમજ ૨૩ કટ્ટા ઘઉંની ઘટ સામે આવી હતી. જીલ્લા પુરવઠા અધિકારી દ્વારા ખરોલી વ્યાજબી દુકાનના સંચાલકને પુછતા અનાજનો જથ્થો ગામમાં લગ્ન પ્રસંગમાં વેચાણ કર્યાની કબુલાત કરતાં સંચાલક વિરૂદ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ગોધરા ખાતે વિવિધ સ્થળોએ નિઃશુલ્ક છાસ વિતરણના સ્ટોલ ઉભા થયા



ગોધરા,
હાલ રાજ્યમાં સતત છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પારો આસમાને છે અને શહેરમાં લું નાં પવનો ફૂકાઈ રહ્યા છે. ત્યાર જનસેવા એ જ પ્રભુ સેવા સૂત્રને સાકાર કરતા કાળઝાળ ગરમીમાં નગરજનોને રાહત રહે તેવા શુભ હેતુથી પાવર ઓફ યંગર્સ ગૃપ તથા બી એન ચેમ્બર્સ ગૃપ દ્વારા નિઃશુલ્ક છાશ વિતરણ સતત બે દિવસથી કરવામાં આવી રહેલ છે તથા પાણીની પરબનું આયોજન કરવામાં આવેલ છે અને જન ભાગીદારી અને સહયોગ મળશે ત્યાં સુધી આ કાર્ય ચાલુ રહેશે. તેવું સેવાભાવિ ભાઈઓ દ્વારા જણાવેલ છે. આ શુભ કાર્યમાં ગોધરા નગર પાલિકાના સભ્ય જીતુભાઈ સાવલાની, કાઉન્સિલર સંજયભાઈ સોની સાથે કિરણભાઈ સીકલીગર, સામજીક કાર્યકર અને ભાજપાના આઈ.ટી.સેલના લખનભાઈ રાંગી (ફોટોગ્રાફર) પ્રતિકભાઈ પંડિત અને વિવિધ સેવાકીય ભાઈઓ દ્વારા સેવા આપવામાં આવી રહી છે.

# શહેરા ગોકળપુરા પૂર્વ સરપંચની હત્યાના ગુનામાં ત્રીજા આરોપીને રાજકોટથી ઝડપ્યો



શહેરા,
શહેરા તાલુકાના ગોકળપુરા ગામના પૂર્વ સરપંચની હત્યા મામલે પોલીસે ત્રીજા આરોપીને ઝડપી પાડ્યો હતો. પૂર્વ સરપંચની હત્યાના પાંચ દિવસ બાદ ગોવિંદ ભરવાડને રાજકોટ તરફથી પોલીસે પકડી પાડીને પૂછપરછનો દોર શરૂ કર્યો હતો.

શહેરા તાલુકાના ગોકળપુરા ગામ ખાતે થોડા દિવસ પહેલા પૂર્વ સરપંચ દિનેશ બારીયા ની ભેલાણ બાબતે ઊંજડા ગામના ભરવાડ ફળિયામાં રહેતા ત્રણ ઈસમો એ હત્યા કરતા ચકચાર મચી જવા પામી હતી. જીલ્લા પોલીસ વડા હિમાંશુ સોલંકીએ આ બાબતને ગંભીરતા લેતા બે આરોપીઓને હત્યાના ગણતરીના કલાકોમાં પકડી પાડ્યા હતા. જ્યારે ત્રીજો આરોપી ગોવિંદ પોપટ ભરવાડ પોલીસ પકડથી નાસતો ભાગતો ફરી રહ્યો હતો. પી.આઈ રાહુલ રાજપુતને મળેલી માહિતીના આધારે રાજકોટ તરફ અલગ અલગ ટીમો મોકલતા ગોવિંદ ભરવાડ હત્યાનો આરોપીને પોલીસે પકડી પાડ્યો હતો. જોકે પૂર્વ સરપંચની હત્યાનો ત્રીજો આરોપી ગોવિંદ પાંચ દિવસ બાદ પોલીસને પકડી પાડવામાં સફળતા મળી હતી. જે તે સમયે હત્યાની બનેલી ઘટનાને લઈને આ વિસ્તારમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા. ત્યારે જીલ્લા પોલીસ વડા હિમાંશુ સોલંકી દ્વારા ઉપરોક્ત બાબતને દયાનમાં લઈને આ વિસ્તારમાં એક લોક દરબારનું આયોજન કરવામાં આવે જેથી કાયદાને લગતું જરૂરી માર્ગદર્શન લોકો સુધી પહોંચી શકે તો નવાઈ નહી. હાલ તો પૂર્વ સરપંચ દિનેશ બારીયાની હત્યાના ત્રણ આરોપી સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી હોય જો કે, આ બનેલ ઘટનાને લઈને એક પરિવારે ઘરનો મોભી ખોયો તો બીજી તરફ પથ્થર મારાની બનેલી ઘટનાને લઈને ૩૨ જેટલા આરોપી જેલમાં હોવાથી અનેક પરીવારો ચિંતિત થવા સાથે થોડી ક્ષણોના ગુસ્સાના કારણે હત્યાના આરોપીઓને જેલના સળિયા ગણવા પડી રહ્યા છે.

# શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની નાફેડની દિલ્હી ખાતેની ચૂંટણીમાં ચેરમેન પદે પસંદગી કરાઈ




શહેરા,
દેશના સહકારી ક્ષેત્રમાં મહત્વની ગણાતી નાફેડ ની દિલ્હીની ચૂંટણીમાં શહેરા ના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની બિન હરીફ વરણી કરવામાં આવતા ભાજપ કાર્યકર્તાઓમાં ખુશીની લહેર છવાઈ હતી. ભાજપ કાર્યાલયની બહાર ફટાકડા ફોડીને ભાજપ અગ્રણીઓ અને કાર્યકરો એકબીજાને મોઢું મીઠું કરાવીને ખુશી વ્યક્ત કરી હતી.

શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની નાફેડની દિલ્હી ખાતેની ચૂંટણીમાં ચેરમેન પદે પસંદગી કરાઈ હતી. જેને લઈને જીલ્લા તેમજ તાલુકાના ભાજપમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો હતો. ભાજપ કાર્યાલય ખાતે ભાજપ અગ્રણી રણવીરસિંહ ચૌહાણ, જીલ્લા મહામંત્રી યુવા મોરચાના ધર્મેન્દ્ર પટેલ, હાજાભાઈ ચારણ, દુષ્યંતસિંહ ચૌહાણ, રાકેશ પર્વતસિંહ ચૌહાણ, તાલુકા ભાજપ મહામંત્રી સંજય બારીયા, કિરીટભાઈ બારીયા, રામસિંહ પરમાર, રંગીતસિંહ પગી તેમજ રાજેન્દ્રસિંહ પરમાર, કિરણ મકવાણા સહિત મોટી સંખ્યામાં ભાજપ અગ્રણીઓ અને કાર્યકરો એકત્રીત થયા હતા. ભાજપ કાર્યકરોએ કાર્યાલયની બહાર ફટાકડા ફોડીને નગરના ભાજપ અગ્રણી જીગ્નેશભાઈ શાહ, બીપીનભાઈ પ્રજાપતિ, અંબાલાલભાઈ વાળંદ, નટુભાઈ પટેલ સહિતના કાર્યકરોએ એકબીજાને મોઢું મીઠુ કરાવીને ખુશી વ્યકત કરી હતી. જોકે, વિધાનસભા ગૃહના ડેપ્યુટી સ્પીકર અને શહેરાના ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડને વધુ એક નવો હોર્દો મળ્યો હોય ત્યારે એમ કહી શકાય કે ભાજપના ગુજરાત રાજયમાં પહેલા ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ હશે તેઓ પંચામૃત ડેરીના ચેરમેન, પીડીસી બેંકના ચેરમેન, વિધાનસભા ગૃહના ઉપાધ્યક્ષ તેમજ ઈફકોના ડિરેકટર અને હવે આ નાફેડના ચેરમેન પદે એ સહિતના મહત્વના હોદ્દા ધરાવી રહયા છે. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ દિલ્હી ખાતે યોજાયેલી નાફેડની ચૂંટણીમાં બિનહરીફ થતા જીલ્લાવાસીઓ ગર્વ અનુભવી રહ્યા હતા. ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની નાફેડની ચૂંટણીમાં બિનહરીફ થતા મોટી સંખ્યામાં તેમના સમર્થકોએ મોબાઈલ અને સોશિયલ મીડિયાના માધ્યમ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા. જયારે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ એ દેશના સહકારી ક્ષેત્રમાં મહત્વની ગણાતી નાફેડની દિલ્હીની ચૂંટણીમાં બિનહરીફ થતા તેઓએ શહેરા તાલુકાના તેમજ રાજયનું પણ ગૌરવ વધાર્યું હતું.

# પંચમહાલ જીલ્લા ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ દ્વારા ૭ જગ્યાએ સમર કેમ્પ યોજાશે

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં ૭ જગ્યાએ ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ દ્વારા સમર કેમ્પનું આયોજન કરાયું. આ સમય કેમ્પ સ્ટેટ ઓર્ડીનેટર રાજેશભાઈ પંચાલ, જોડ ઓર્ડીનેટર, પિન્કીબેન મેકવાન, ઓર્ડીનેટર સોનલબેન પરીખના માર્ગદર્શન હેઠળ ગોધરા હસમુખભાઈ હડિયલ અને પંચાલ તેજલબે, વેજલપુર-દરજી સોનલબેન, કાલોલ-જસવાની કાજલબેન, કાજલ-શ્યામલ પરીખ, હાલોલ-જીતેન્દ્રભાઈ પાઠક, ઘોઘંબા-કૈશાલબેન જોષીની રાહબરીમાં કેમ્પ યોજાશે.

# ગોધરાના દાદા ધનોલ ગામે ઢોર બાંધવાના શેડમાં આગ લાગતા ૬ પશુઓ દાઝયા : ફાયર ફાયટરોએ આગ ઉપર કાબુ મેળવ્યો

ગોધરા,
ગોધરા તાલુકાના દાદાની ધનોલ ગામે ઢોર બાંધવાના શેડમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગતા અફરાતફરી મચી જવા પામી હતી. ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયર ફાયટરો ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગના બનાવમાં ૬ જેટલા પશુઓ ગંભીર દાઝી ગયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા તાલુકાના દાદની ધનોલ ગામે રહેતા ચંદુભાનસિંહ દિલીપસિંહ રાઉલજીના ઘર આંગણામાં ઢોર બાંધવાના શેડ આવેલ હોય આ શેડમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. આગની ઘટનાને લઈ ગોધરા પાલિકા ફાયર વિભાગને જાણ કરતા ફાયર ફાયટરો ઘટના સ્થળે દોડી આવી સતત બે કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. શેડમાં લાગેલ આગને લઈ શેડમાં બાંધેલા ૬ પશુઓમાં ૨ ભેંસ, ૧ ગાય અને ૨ વાછરડાઓ ગંભીર રીતે દાઝી ગયા હતા. તેમજ શેડમાં ખેતીના સાધનો, બાઈક પણ આગમાં બળીને ખાખ થઈ ગઈ હતી.

# શહેરાના મીઠાલી ગામમાં પાણી પુરવઠાની અનેક યોજના છતાં લોકોને પીવાના પાણીની સમસ્યા



શહેરા,
શહેરા તાલુકાના મીઠાલી ગામ એક અને બે ખાતે પાણી પુરવઠાની અનેક યોજના હોવા છતાં અહીંના લોકો પીવાના પાણીની સમસ્યાથી હેરાન પરેશાન છે.મહિલાઓને પીવાનું પાણી ભરવા માટે હેડ પંપ ખાતે જવું પડતું હોય છે. જોકે મીઠાલી બે માં આવેલા ઘરોની બહાર નળ તો જોવા મળી રહ્યા હોય પણ એમાં તો પાણી આવતું નથી. જ્યારે હેડ પંપ માં પાણી આવે તો થોડીવારમાં બંધ થઈ જતું હોય અને અમુક હેડ પંપ નાણાપંચના હોવાથી રજૂઆત કરવા છતાં રીપેરીંગ કરવામાં આવી રહ્યા નથી. જ્યારે કુવાના સ્તર ઊંડા જઈ રહ્યા હોવા સાથે ખેતીમાં માટે પણ જોઈએ તેટલું પાણી નહીં મળતા જમીનમાં તિરાડો પડી રહી છે. પશુપાલકોને પશુઓને પાણી પીવડાવવા માટે પણ તકલીફ પડી રહી છે.શહેરા તાલુકાના મીઠાલી ગામ એક અને બે ની વસ્તી અંદાજીત ૩૨૦૦ કરતાં વધુ છે. અહીના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. ગામમાં પીવાના પાણીની સમસ્યાથી ભગત ફળીયુ, ચુલડીયા ફળિયુ, બારીયા ફળિયું, તલાવડી ફળિયા સહિત અન્ય વિસ્તારના ગ્રામજનો હેરાન પરેશાન છે. પાણી પુરવઠા નું પાણી અહી નહિ મળતા ના છૂટકે મહિલાઓ પીવાના પાણી ભરવા ગામમાં આવેલા હેન્ડપંપ ખાતે જતા હોય છે. જ્યારે આ ગામના જે વિસ્તારોમાં પાણીની સમસ્યા છે. ત્યાંની મહિલાઓ ના છૂટકે તાપમાં પણ અમુક મહિલાઓ ચંપલ પહેર્યા વગર હેડ પંપ ખાતે પાણી ભરવા જતા હોય ત્યારે તંત્ર સામે ભારે આક્રોશ પણ જોવા મળતો હોય તો નવાઈ નહી. જ્યારે મહિલાઓ ત્યાં પીવાનુ પાણી ભરતા હોય અને લાંબી લાઈનો લાગવા સાથે પાણી ભરવા પડાપડીના દ્રશ્યો પણ જોવા મળતા હોય છે. જ્યારે અમુક હેડ પંપ માં પાણી થોડી વાર આવીને બંધ થઈ જવા સાથે અમુક હેડ પંપ બંધ હાલતમાં છે. જોકે, મીઠાલી બે માં ઘરની બહાર નળ તો જોવા મળતો હોય પરંતુ એમાં પણ પાણી આવી રહ્યું નથી. આ ગામની મહિલાઓ પીવાના પાણીની સમસ્યા વહેલી તકે હલ થાય તેવી આશા પણ સબંધિત તંત્ર પાસે રાખી રહયા છે. આ ગામમાં પાણી પુરવઠા ની અનેક યોજના હોવા સાથે ત્રણ સંપ પાણીના જોવા મળતા હોય તેમ છતાં આ ગામના મોટાભાગના વિસ્તારમાં પીવાના પાણીની સમસ્યાથી ગ્રામજનો અને ખાસ કરીને જોવા જઈએ તો મહિલાઓ હેરાન પરેશાન થતી હોય અને પીવાના પાણી માટે આમતેમ ભટકવું પડતુ હોય છે. આ ગામમાં કૂવામા પાણીનાં સ્તર ઊંડા જઈ રહ્યા હોવા સાથે ખેતી માટે પણ પાણી જરૂરિયાત મુજબ ન મળતા જમીનમાં તિરાડો પડેલ દ્રશ્યો નજરે પડી રહ્યા હતા અને બીજી તરફ પશુઓને પણ પાણી અને ઘાસચારા માટે તકલીફ પડવા સાથે ખેડૂત હોય કે પછી પશુપાલક કે પછી ગ્રામજનો પાણી નામના શબ્દથી હેરાન પરેશાન હોય એમ કહીએ તો નવાઈ નહી. રાજ્ય સરકાર ગ્રામજનોને પીવાના પાણીની સમસ્યાથી છુટકારો મળે એ માટે લાખો-કરોડો રૂપિયાની ગ્રાન્ટ તો આપતા હોય પણ સમય જતા તંત્રના સરકારી બાબૂઓની બેદરકારીના કારણે કે પછી આ તરફ ધ્યાનના આપવાથી યોજના જોઈએ તેટલી સાર્થક થઇ શકતી નથી.

# ગોધરાના છબનપુર વિસ્તારમાં માટીનુ વહન કરતા ૧૨ ડમ્પરો ઝડપાયા

ગોધરા,
પંચમહાલ જિલ્લા વહીવટી તંત્રની સંયુકત ટીમ દ્વારા ગોધરાના છબનપુર વિસ્તારમાં આકસ્મિક તપાસ હાથ ધરીને બેરોકટોક માટીનુ નિયમ વિરુદ્ધ વહન કરતા ૧૨ જેટલા ડમ્પર ઝડપી પાડ્યા હતા. ગોધરા તાલુકા વિસ્તારમાંથી ઝડપાયેલા તમામ વાહનોને આરટીઓ દ્વારા દંડ ફટકારવામાં આવ્યો હતો.

પંચમહાલ જિલ્લા વહીવટી તંત્રની સંયુકત ટીમે ગોધરા તાલુકા વિસ્તારમાં સપાટો બોલાવ્યો હતો. ગોધરા પ્રાંત અધિકારી, જિલ્લા આરટીઓ વિભાગની સંયુકત ટીમ બનાવીને ગોધરા તાલુકા વિસ્તારમાં આકસ્મિક તપાસ હાથ ધરી હતી. તંત્રની ટીમે ગોધરા તાલુકાના છબનપુર નજીક બેરોકટોક નિયમ વિરુદ્ધ માટીનુ વહન કરતા ૧૨ જેટલા ડમ્પર ઝડપી પાડવામાં આવ્યા હતા. તમામ વાહનોના ચાલકો પાસે વહન કરવા માટેના જરૂરી દસ્તાવેજો ન હોવાનુ સામે આવ્યુ હતુ. જેને લઈ જિલ્લા કલેકટર દ્વારા આરટીઓ વિભાગને કાર્યવાહી કરવા માટે જાણ કરવામાં આવી હતી. આરટીઓ દ્વારા તમામ વાહનો કબ્જે લઈને વજન કરવામાં આવ્યા હતા. જેમાં તમામ વાહનોમાં ઓવરલોડ માટી ભરેલી હોવાનુ સામે આવ્યુ હતુ. જેથી નિયમ મુજબ તમામ વાહનો સામે દંડનીય કાર્યવાહી કરીને રૂ.૩.૬૭ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. તમામ વાહનોમાં ગોધરા તાલુકા અને શહેરા તાલુકાના વિવિધ તળાવોમાંથી સુજલામ સુફલામ યોજના અંતર્ગત માટીનુ ખોદકામ કરીને ભારતમાલા પ્રોજેકટના મુંબઈ-દિલ્હી કોરીડોર માટે ઉપયોગ માટે લઈ જવાઈ રહી હતી.

# ગોધરા તાલુકાના ગોઠડા ગામે નર્મદાજી કવોરી વર્કસમાંથી બારોબાર ૨૪ ટન કપચી ભરી આપી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ

ગોધરા,
ગોધરા તાલુકાના ગોઠડા ગામે નર્મદાજી ક્વોરી વર્કસમાંથી આરોપી ઈસમે નંબર પ્લેટ વગરના ડમ્પરમાં ફરિયાદીના જાણકારી વગર ડિસ્પેચ રજીસ્ટરમાં નોંધ કર્યા વગર તથા રોયલ્ટી પાસ વગર ૨૪ ટન જેટલી કપચી ભરી આપી વિશ્વાસઘાત છેતરપિંડી કર્યાની ફરિયાદ કાંકણપુર પોલીસ મથકે નોંધાવવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા તાલુકાના ગોઠડા ગામે નર્મદાજી ક્વોરી વર્કસમાંથી આરોપી રઘુભાઈ ગણપતભાઈ ચાવડાએ નંબર પ્લેટ વગરના સફેદ કલરના ડમ્પર ૨૪ ટન રેતી ભરી આપેલ હોય આરોપીએ ફરિયાદી સુરેશભાઈ ફકીરચંદ પરમારની જાણકારી વગર તેમજ ડિસ્પેચ રજીસ્ટરમાં નોંધ નહિ કરી રોયલ્ટી પાસ આવ્યા વગર ૨૪ ટન કપચી કિ.૩.૧૨,૫૦૦/-ભરી આપી વિશ્વાસઘાત છેતરપિંડી કર્યાની ફરિયાદ કાંકણપુર પોલીસ મથકે નોંધાવવા પામી છે.